અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ મે ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૧૦ | અંક : ૨૭૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આણંદમાંથી પાકિસ્તાન પર સાધ્યું નિશાન

# આતંકવાદને એક્સપોર્ટ કરતો દેશ આજે કટોરો લઈને ભીખ માગી રહ્યો છે : પીએમ મોદી

## પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા

। (એજન્સી) આણંદ, તા.૨ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એન્ટ્રીથી ગુજરાતના ચૂંટણી પ્રચારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. ગુરૂવારે પ્રધાનમંત્રીની ચાર સભાનું ગુજરાતમાં આયોજન કરાયું હતું. જેમાં તેમણે પહેલા સભા સરદાર પટેલની કર્મભૂમિ આણંદ ખાતે સંબોધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વલ્લભવિદ્યાનગરમાં સભા કરી હતી. જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આણંદ અને ખેડા ચૂંટણીમાં બધા રેકોર્ડ તોડશે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ સરદાર સાહેબને પણ યાદ કર્યા. પણ આ ભૂમિ પરથી પીએમ મોદીએ કોંગ્રેસને ત્રણ પડકાર ફેંક્યા હતા. કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં દેશ અને ગરીબોને અન્યાય થયો. સાથે જ પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું કે, જે પાકિસ્તાનના હાથમાં બોંબ હતો આજે તેના હાથમાં ભીખનો કટોરો છે. તો કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે.સાથે જ તેમણે કહ્યું કે, કોંગ્રેસ સંવિધાનને બદલવા માંગે છે. કોંગ્રેસે એવી પણ ખાતરી આરી કે SC, ST, OBC, EWSની અનામત ક્યાંય નહીં જાય..પીએમ મોદીએ જનતાને જંગી બહુમતિ સાથે મતદાન કરવા અપીલ કરી. પીએમ મોદીએ સભામાં કહ્યું કે, કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે. 'આધી રોટી ખાયેંગે ઈન્દિરા કો લાયેગા'ના નારા લગાડનારા લોકોએ કોંગ્રેસને છોડી દીધી, મોદીને પકડી લીધા. કોંગ્રેસે SC, ST અને OBC ને અંધારામાં રાખી છે. કોંગ્રેસે બક્ષીપંચ માટે દરેક પ્રસ્તાવને નામંજૂર કરી દીધો છે. SC, ST અને OBC આજે દેશમાં ભાજપની સૌથી મોટી તાકાત છે.



### સંવિધાનથી જીવવું અને સંવિધાનથી મરવું શીખવું હોય તો મોદી પાસે આવી જાવ

**કોંગ્રેસની સૌથી મોટી વોટ બેંક માઈનોરીટી છે, એમાં પણ મુસ્લિમ છે. કોંગ્રેસ તુષ્ટિકરણની રાજનીતિ કરે છે. કોંગ્રેસ સંવિધાન બદલવા માંગે છે, કોંગ્રેસ એમની ખાસ વોટ બેક્રને આરક્ષણ આપવા માંગે છે. SC, ST અને OBCનું આરક્ષણ મુસ્લિમોને આપવા માંગે છે કોંગ્રેસ. હું સરદાર સાહેબની ભૂમિ પરથી શાહી પરિવારને, શાહજાદાને, કોંગ્રેસને ચેલેન્જ આપું છું. આગળ પડકાર ફેંકતા તેમણે કહ્યું કે, કોંગ્રેસને મારા ત્રણ પડકાર છે. કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરંટી આપે કે સંવિધાન બદલી ધર્મના આધાર પર મુસ્લિમોને આરક્ષણ નહીં આપે. દેશને તોડવાનું કામ નહીં કરે. કોંગ્રેસ દેશને લિખિતમાં આપે SC, ST, ઓબીસી ને મળનાર આરક્ષણમાં સેંધમારી નહીં કરે, અને અધિકારી ન છીનવે. કોંગ્રેસની જે રાજ્યમાં અને સાથીઓની સરકાર છે ત્યાં ક્યારે પણ વોટ બેન્કની રાજનીતિ નહીં કરે. તેમણે કહ્યું હતું કે, શાહજાદા હિમંત હોય તો આવી જાવ. સંવિધાનથી જીવવું અને સંવિધાનથી મરવું શીખવું હોય તો મોદી પાસે આવી જાવ. કોંગ્રેસ મારી ચેલેન્જનો નહીં સ્વીકાર કરે, કેમકે તેમની નિયતમાં ખોટ છે. ઈન્ડિયા ગઠબંધનની વધુ એક પોલ તેમના જ નેતાએ ખોલી દીધી છે. તેઓએ નારો આપ્યો કે વોટ જેહાદ કરો. ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વોટ જેહાદની વાત કરી સંવિધાનની વાત કરી. અત્યારસુધી લવ જેહાદ અને લેન્ડ જેહાદ સાંભળ્યું હતું, હવે વોટ જેહાદનો નારો લગાવી રહી છે. ઇન્ડી ગઠબંધનનો ઇરાદો ખુબ ખતરનાક છે.**

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જૂનાગઢમાં નિવેદન

## જો સરદાર પટેલ ના હોત, તો આપણું જૂનાગઢ પણ પાકિસ્તાનમાં જતું રહ્યું હોત

। (એજન્સી) જૂનાગઢ, તા.૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂનાગઢમાં ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. તેમણે જય ગિરનારીના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ગિરનારની ધરતી પર આવું એ મારુ સૌભાગ્ય છે. સંતો-વડીલોને મારા પ્રણામ, તમારો આ પ્રેમ, આશીર્વાદ મારી મૂડી છે. તમારા આપેલા સંસ્કારથી આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. આ ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી. મારુ મિશન દેશને આગળ લઈ જવાનું છે. દરમિયાન વડાપ્રધાને કોગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કાશ્મીરમાં ૩૭૦ કલમ ફરી લાગૂ કરવાનો કોંગ્રેસનો એજન્ડા છે. કશ્મીરમાં કોંગ્રેસ ફરી કલમ ૩૭૦ લાગુ કરવા માંગે છે. કોગ્રેસ સીએએ હટાવવા માંગે છે. કોંગ્રેસના સાંસદ દક્ષિણ ભારતને અલગ કરવાની માગ કરે છે. કોંગ્રેસના લોકોને વિભાજનની માનસિકતા વિરાસતમાં મળી છે. કોંગ્રેસને ગુજરાત માટે ખૂબ નફરત છે. ગુજરાતના દરિયાકિનારે એવા અનેક ટાપુઓ છે જ્યા કોઈ નથી રહેતુ. કોંગ્રેસ આવા નિર્જન ટાપુઓનો સોદો કરવાની



પેરવીમાં છે. કોંગ્રેસની ખતરનાક વિચારધારાથી દેશને સાવધાન રહેવું જોઈએ. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસના શાસનમાં જવાનો શહીદ થતા હતા. દિલ્હીથી સીમા પાર કાર્યવાહી કરવા માટે મંજૂરી મળતી નહોતી. કોંગ્રેસ પોતાનો નકાબ હટાવી અસલી રંગમાં આવી ગઈ છે. ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં ભગવાન રામનું મંદિર બન્યુ છે. કોંગ્રેસે હંમેશા રામ મંદિરનો વિરોધ કર્યો છે. કોંગ્રેસે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ સ્વીકાર્યું નહોતું. કોંગ્રેસ ભગવાન રામને હરાવી કોને જીતાડવા માંગે છે.

### AI મારફતે CM યોગીનો બનાવ્યો ડીપ ફેક વીડિયો

। (એજન્સી) નોઈડા, તા.૨ ।

લોકસભા ચૂંટણી વચ્ચે વરિષ્ઠ નેતાઓ દ્વારા નકલી વીડિયો બનાવવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ગૃહમંત્રી અમિત શાહના ફેક વીડિયો બાદ હવે ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથનો ફેક વીડિયો બનાવવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઠ પર રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો એક ડીપ ફેક વીડિયો અપલોડ કરવામાં આવ્યો હતો. આ મામલામાં નોઈડા એસટીએફે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો છે અને પોસ્ટ કરનાર આરોપી શ્યામ કિશોર ગુપ્તાની ધરપકડ કરી છે.


### વિસ્ફોટની ઘટનામાં એકનું મોત, ૩ ઈજાગ્રસ્ત

# સાબરકાંઠામાં યુવકે ઓનલાઈન મંગાવેલું પાર્સલ ખોલતા થયો બ્લાસ્ટ

### ૩ લોકોને ઇજા થતાં સારવાર માટે હોસ્પિટલ લઇ જવાયા

। વડાલી, તા.૨ ।

સાબરકાંઠામાં એક વ્યક્તિએ ઈલેક્ટ્રોનિકની વસ્તુ ઓનલાઈન મંગાવી હતી. જેનું પાર્સલ ઘરે હોમ ડિલિવરીમાં આવી ગયું અને બાદમાં વ્યક્તિએ જ્યારે હોંશે હોંશે આ પાર્સલ ખોલ્યું કે તરત જ મોટો બ્લાસ્ટ થયો હતો. આ ઘટના એટલી ગંભીર છે કે પાર્સલ બોક્સ નીચે પડી ગયું અને ૧ વ્યક્તિનું તો ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે જ્યારે બીજા અન્ય ૩ શખસો તેની પાસે હતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. અત્યારે આ પાર્સલની તપાસ ચાલી રહી છે અને અન્ય લોકોને હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા હતા. આ ઘટના સાબરકાંઠાના વડાલી ખાતે બની છે. જેમાં એક વ્યક્તિએ ઓનલાઈન ઈલેક્ટ્રિક પ્રોડક્ટ સર્ચ કરી અને પછી મંગાવી દીધી હતી. હવે આ સમયે જ્યારે હોમ ડિલિવરીમાં આ વસ્તુ પાર્સલમાં પેક થઈ ને આવી કે મોટી દુર્ઘટના ઘટી હતી. સૌથી પહેલા તો વ્યક્તિએ અહીં પાર્સલ કલેક્ટ કરીને તેમાં શું આવ્યું છે એ જોવા ઓપન કરવાનું શરૂ કર્યું હતું. તેને ટેપ અને અન્ય વસ્તુથી પાર્સલ અનવ્રેપ કર્યું કે તરત જ આમાં મોટો બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ખોલતાની સાથે જ એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી બાજુ ઊભેલા ૩ વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચી હતી. લોકો ત્યારપછી અહીં એકઠા થઈ ગયા અને બોક્સના ચિથડે ચિથડા ઊડી ગયા હતા એવી હાલતમાં તે મળી આવ્યું હતું.




### ૧ વ્યક્તિનું તો ઘટનાસ્થળે જ મોત નીપજ્યું

**પ્રાથમિક માહિતી પ્રમાણે આ પાર્સલમાં બ્લાસ્ટ એવો પ્રચંડ હતો કે ઘરમાં રહેલો સામાન વેરવિખેર થઈ ગયો હતો. આના ધમાકાને લીધે દૂર ૧ કિલોમીટર સુધી અવાજ ફેલાયો અને જાણે આસપાસની સોસાયટીના ઘરો પણ ધણધણી ઉઠ્યા હોય તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ હતી. અત્યારે ડીવાયએસપી, જિલ્લા એલસીબી સહિત વડાલી પોલીસ કર્મીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને વધારે તપાસ શરૂ કરી દીધી છે. આ યુવકે ક્યાંથી ઓનલાઈન ઓર્ડર કર્યો હતો અને એમાં કઈ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ હતી તેની તપાસ પણ હાથ ધરવામાં આવી ગઈ છે. ઉલ્લેખનીય છે કે ઘણીવાર પાર્સલ ખોલો તો પથ્થર કે નકલી વસ્તુઓ આવે છે. આવા ઘણા કિસ્સા સામે આવ્યા છે જેમાં લોકોની સાથે છેતરપિંડી ઘટી હોય પરંતુ પાર્સલ ખોલતાની સાથે જ અંદર રહેલી ઈલેક્ટ્રિક પ્રોડક્ટમાં બ્લાસ્ટ થવો અને એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.**

### રાહુલ ગાંધી માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી

## અમેઠીમાં ફરી આમને સામને થશે રાહુલ ગાંધી-સ્મૃતિ ઈરાની

### રાહુલ ગાંધી અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવી શકે છે

। (એજન્સી) અમેઠી, તા.૨ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થવાનું છે. આ પહેલા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના નામાંકનને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડવાના છે અને તેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. જિલ્લા મહામંત્રી બ્રિજેશ ત્રિપાઠી પોતાનું નોમિનેશન ખરીદવા કોર્ટમાં પહોંચ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે રાહુલ ગાંધી અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવશે. ખરેખર, અમેઠીના કોંગ્રેસના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી નથી, તેથી અટકળોનું બજાર ગરમ છે. અમેઠીથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર



કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ઉમેદવારી નોંધાવી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સાથે કલેક્ટર કચેરીએ પહોંચીને તેમણે જિલ્લા ચૂંટણી અધિકારી નિશા અનંતને તેમના ઉમેદવારી પત્રો સોંપ્યા. આ દરમિયાન, અમેઠી પહોંચેલા સોનિયા ગાંધીના પ્રતિનિધિ કિશોરી લાલ શર્માએ કહ્યું, માત્ર ગાંધી પરિવારના સભ્ય જ ચૂંટણી લડશે. તમામ તૈયારીઓ માત્ર રાહુલ ગાંધી માટે કરવામાં આવી છે, અન્ય કોઈ વ્યક્તિ માટે નહીં. પાર્ટી કાર્યકર્તાઓ ઈચ્છે છે કે માત્ર ગાંધી પરિવારનો કોઈ સભ્ય જ અમેઠીથી ચૂંટણી લડે.

### ન્યૂઝ બ્રિફ

### દુબઇમાં ફરી ભારે વરસાદ બાદ એડવાઇઝરી જાહેર

। (એજન્સી) અબુધાબી, તા.૨ ।

ગયા મહિને સંયુક્ત આરબ અમીરાત (UAE) માં આવેલા ભયંકર પૂરના થોડા દિવસો પછી, ગુરુવારે વહેલી સવારે અબુ ધાબી અને દુબઈમાં ભારે વરસાદ અને તોફાન આવ્યું હતું. આ પછી ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને દુબઈમાં બસ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. ખલીજ ટાઈમ્સના અહેવાલ મુજબ, દુબઈ આવતી પાંચ ફ્લાઈટને રાતોરાત ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે નવ દુબઈ આવનારી અને ચાર દુબઈથી બહાર જનારી ફ્લાઈટ્સને પણ રદ કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમીરાતની ઘણી ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે.સ્થાનિક મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દુબઈના નાગરિકો ગુરુવારે સવારે ૩ વાગે જોરદાર પવન, વીજળીના કડાકાથી જાગી ગયા હતા.

### રાજસ્થાન હાઇકોર્ટે બાળ લગ્ન રોકવા આપ્યો આદેશ

## જ્યાં બાળ લગ્ન થશે તો તેના પ્રમુખ અને પંચાયતના સભ્યો જવાબદાર

### હજુ પણ બાળ લગ્નો ગુપ્ત રીતે થાય છે : રાજસ્થાન હાઇકોર્ટ

। (એજન્સી) જયપુર, તા.૨ ।

રાજસ્થાનમાં બાળ લગ્ન રોકવા માટે હાઈકોર્ટે આપ્યો અદ્ભુત આદેશ આપ્યો છે જેમાં કહ્યું કે કોઈપણ ગામ કે નગરમાં બાળલગ્ન થશે તો તેના માટે ગામના પ્રમુખ અને પંચાયતના સભ્યો જવાબદાર રહેશે તેમ જણાવાયું છે. કોર્ટે કહ્યું કે બાળ લગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ના અમલ છતાં રાજ્યમાં બાળ લગ્નો થઈ રહ્યા છે. જયપુર રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકારને સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે કે રાજ્યમાં કોઈ બાળ લગ્ન ન થાય. આ સાથે કોર્ટે



એમ પણ કહ્યું છે કે જો આવું થશે તો ગામના વડા અને પંચાયત સભ્યોને જવાબદાર ગણવામાં આવશે. ૧૦ મેના રોજ અક્ષય તૃતીયાના તહેવાર પહેલા બુધવારે કોર્ટનો આદેશ આવ્યો હતો. રાજસ્થાનમાં અક્ષય તૃતીયા પર ઘણા બાળ લગ્નો થાય છે. બાળ લગ્ન રોકવા માટે કોર્ટના હસ્તક્ષેપની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરતા, કોર્ટની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે બાળ લગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ ના અમલીકરણ છતાં, રાજ્યમાં બાળ લગ્નો હજુ પણ થઈ રહ્યા છે. કોર્ટે કહ્યું કે સત્તાવાળાઓના પ્રયાસોને કારણે બાળ લગ્નોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં, હજુ પણ ઘણી જગ્યાએ બાળ લગ્નો ગુપ્ત રીતે થઈ રહ્યા છે, જેને રોકવું ખૂબ જ જરૂરી છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે રાજસ્થાન પંચાયતી રાજ નિયમો ૧૯૯૬ મુજબ બાળ લગ્ન પર પ્રતિબંધ મૂકવો સરપંચની ફરજ છે.

### મે મહિનામાં કાળજાળ ગરમી પડવાની આગાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

મે મહિનાને શરૂઆત થતાં જ આકાશમાંથી જાણે આગના ગોળા વરસી રહ્યા હોય તેમ આકરો તાપ પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા મે મહિનામાં સામાન્ય તાપમાનની સરખામણીમાં વધારે ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે હવામાન વિભાગે મે મહિના માટે વેધર બુલેટિન બહાર પાડ્યું છે, જે મુજબ મે મહિનામાં સામાન્યની સરખામણીએ લોકોને આકરી ગરમીનો સામનો કરવો પડશે. એટલું જ નહીં, બે-ચાર દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની પણ શક્યતા છે.

### દરરોજ બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો હોવાના આક્ષેપો

## રશિયાએ ફરી યુક્રેન પર મિસાઈલ છોડી, પાંચ લોકોના મોત નિપજ્યા

### રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ૨૫ મહિનાથી સતત યુદ્ધ ચાલી રહ્યું છે, હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ૨૫ મહિનાથી સતત યુદ્ધ ચાલી રહ્યું છે. હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. દરરોજ બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તાજેતરનો મામલો દક્ષિણ બંદર શહેર ઓડેસામાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં 'હેરી પોટર કેસલ' તરીકે ઓળખાતી યુક્રેનિયન ઈમારત પર રશિયન મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો



માર્યા ગયા હતા.ન્યૂઝ પોર્ટલ ધ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ અનુસાર, હુમલામાં ગોથિક શૈલીમાં બનેલા કિલ્લા તેમજ આસપાસની રહેણાંક ઈમારતોને નુકસાન થયું છે. આ હેરી પોટર કિલ્લામાં એક ખાનગી કાયદા સંસ્થા ચાલતી હતી. મિસાઈલ હુમલા બાદના એક વીડિયોમાં ઈમારતમાં ભીષણ આગ જોવા મળી રહી છે.તમને જણાવી દઈએ કે ઓડેસા પર આ અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો છે. આમાં રશિયન સેનાએ શહેર પર મિસાઈલ, ડ્રોન અને બોમ્બ છોડ્યા, જેના કારણે દરિયા કિનારે સ્થિત પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા બળીને ખાખ થઈ ગઈ. લગભગ ૨૫ મહિના પહેલા યુક્રેનમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઓડેસાનું બંદર શહેર અવારનવાર રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલાનું નિશાન બન્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

## વડોદરામાં પેન્શનરોએ તા.૩૧ જુલાઈ સુધીમાં વાર્ષિક હયાતીની ખરાઈ કરી લેવા સૂચના

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા પેન્શન કચેરી તથા તેના તાબા હેઠળની પેટ તિજોરીઓમાંથી બેંક મારફતે રાજ્ય તથા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોને પોતાની વાર્ષિક હયાતીની ખરાઈ તિજોરી કચેરી સાથે સંલગ્ન બેંક શાખામાં તારીખ ૧ મેથી ૩૧ જુલાઈ સુધીમાં કરાવી લેવા સુચના આપવામાં આવી છે. કુટુંબ પેન્શનરોએ પુનઃલગ્ન નહી કર્યા અંગેનું પ્રમાણપત્ર અલગથી બેક્રમાં રજુ કરવાનું રહેશે. ૫૦ વર્ષથી વધુ ઉંમર હોય તેવા મહિલા કુટુંબ પેન્શનરે આવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે નહી. તારીખ ૩૧ જુલાઈ સુધીમાં જે પેન્શનરોના હયાતીના ફોર્મ કચેરીને મળશે નહિ તેવા પેન્શનરોનું ઓગષ્ટ-૨૦૨૪ પેઈડ ઈન સપ્ટેમ્બર-૨૦૨૪થી પેન્શન બંધ કરવામાં આવશે તેવી તાકીદ કરવામાં આવી છે. પેન્શનર સરકારની જીવન પ્રમાણ વેબસાઈટ પર પણ ઓનલાઈન હયાતી કરાવી શકશે. જે પેન્શનરોએ આધારકાર્ડ કે પાનકાર્ડ આપેલ નથી તેવા પેન્શનરોએ તેની નકલ પણ હયાતી ફોર્મ સાથે આપવા કહ્યું છે.

## ૨૦ વર્ષ પહેલાં સાડી સગેવગે કરી ફરાર આરોપી ઝડપાયો

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરતમાં સાડી પોલિસીંગની મજૂરીના પૈસા વેપારીએ નહીં ચૂકવતા ૯.૪૭ લાખની સાડીનો જથ્થો સગે વગે કર્યાની ઘટના સામે આવી હતી, આજથી ૨૦ વર્ષ પહેલાં સાડી સગેવગે કરનારને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો છે, અરોપી પોલીસ પકડ થી બચવા હનુમાન મંદિરનો પૂજારી બની ગયો હતો, પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી હતી જેમા જાણવા મળ્યું હતું કે હાલ આરોપી સુરત ખાતે ભાઈને મળવા અવી રહ્યો છે, જે બાતમીના આધારે એસઓજી પોલીસે આરોપીની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરત એસઓજીને વધુ એક સફળતા મળી છે, સુરત એસઓજી પોલીસે ૨૦ વર્ષ પહેલાં સાડી સગેવગે કરી ફરાર આરોપીને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી કાઢયો છે, ભેરુદાસ વૈષ્ણવ સુરતમાં સાડીના કામ કાજ સાથે સંળાયેલો હતો, અને ૨૦ વર્ષ પહેલા સાડી પોલિસીંગનું કામ કરતો હતો, બાદ સાડી પોલિસીંગની મજૂરીના પૈસા વેપારીએ નહીં ચૂકવતા ૯,૪૭,૦૦૦ ની સાડીઓ સગે વગે કરી ફરાર થય ગયો હતો. ત્યારબાદ હનુમાન મંદિરમાં ભેરુદાસ વૈષ્ણવ પોલીસ પકડથી દુર રહેવા પૂજારી બની ગયો હતો, આ મામલે સલાબત પૂરા પોલીસ સ્ટેશનમાં ૨૦ વર્ષ પહેલા ફરિયાદ નોંધાઈ હતી, આરોપી ભેરુદાસ વૈષ્ણવ ૨૦ વર્ષથી પોલીસની નજર ચૂકવી નાસ્તો ફરતો હતો, જેને પકડી પાડવા એસઓજી પોલીસે કમર કસી હતી અને ભેરુદાસ વૈષ્ણવને ઝડપી પાડવા ટીમ વર્કઆઉટમાં હતી જ્યાં પોલીસને બાતમી મળી હતી કે ભેરુદાસ વૈષ્ણવ હાલ સુરત ખાતે તેના ભાઈને મળવા આવ્યો છે.

### પેસેન્જર્સનો વેઈટિંગ ટાઈમ ઘટશે

# એરપોર્ટ ઉપર નવા ૨૨ ચેકઈન કાઉન્ટર અને ૪ એરોબ્રિજ બનશે

**અમદાવાદ એરપોર્ટ પર ટર્મિનલ-૨ પર સુવિધા વધારાઈ રહી છે : એરપોર્ટનું વિસ્તરણ પણ થઈ રહ્યું છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અત્યારે મુસાફરોનો ધસારો સતત વધી રહ્યો છે. તેવામાં આગામી સમયે ઓલિમ્પિકને હોસ્ટ કરી શકાય એવી સંભાવનાઓ જણાઈ રહી છે અને એટલું જ નહીં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફલાઈટનો ટ્રાફિક પણ વધતા હવે અમદાવાદ એરપોર્ટને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આનાથી પેસેન્જર્સને વેઈટિંગ ટાઈમ ઘટશે એટલું જ નહીં તેઓ સરળતાથી કનેક્ટિંગ ફલાઈટ પણ પકડી શકશે. એટલું જ નહીં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ૨૦૨૫ના અંત સુધીમાં મેટ્રોને પણ અમદાવાદ એરપોર્ટ સાથે જોડીને નવો પેસેન્જર ગેટ બનાવવાનો માસ્ટર પ્લાન બનાવાઈ રહ્યો છે. આના માટે કઈ કઈ સુવિધાઓ એડ કરાઈ રહી છે એના પર નજર કરીએ.

એરપોર્ટ ટર્મિનલ-૨ પર માર્ચ ૨૦૨૫ સુધીમાં જોઈએ તો ચાર નવા એરોબ્રિજ શરૂ થઈ જાય એવી ધારણા છે. એટલું જ નહીં જ્યારે પીક અવર્સ હોય કે પછી ફેસ્ટિવલ સિઝન હોય તો પેસેન્જર્સને વેઈટિંગ ઘણું કરવું પડતું હતું. આને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પર ૨૨ નવા ચેકઈન કાઉન્ટર બનાવવાની જાહેરાત પણ કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ટર્મિનલ ૨ પર ડોમેસ્ટિકથી ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ડેસ્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે. હવે આગામી સમયમાં ફલાઈટ્સનો ટ્રાફિક પણ વધવાની સંભાવના છે. જેના પગલે ભાડામાં પણ ઘટાડો થઈ શકે છે. એટલું જ નહીં બીજી બાજુ જોવા જઈએ તો ટર્મિનલ ૨નું એક્સટેન્શન પણ પ્રોગ્રેસમાં છે.

આનાથી પેસેન્જર્સને હવે કનેક્ટિંગ ફલાઈટ્સ છે તે પકડવામાં સરળતા રહેશે. અહીં ખાસ ઝાંખીઓ પણ ઊભી કરાશે. જેમાં ગુજરાતની હસ્તકલા, સ્થાપત્ય, વારસા સહિતનો અનુભવ કરાઈ શકાશે.

### આ સિવાય પણ બીજા બે ઉમેદવારો ઉભા થયા

# જયેશ રાદડિયાની મુશ્કેલીઓ વધી એક જ જગ્યા માટે ૪ ફોર્મ ભરાયા

**ઈફકોની ચૂંટણી માટે જયેશ રાદડિયાએ ફોર્મ ભરવા છતાં પણ ભાજપે બિપીન પટેલના નામનું મેન્ટેડ મોકલ્યું**

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

ઈફકો ની ચૂંટણી તારીખ ૯મી મેના દિવસે યોજાવાની છે ત્યારે તે પહેલા ગુજરાતમાં નવુ રાજકારણ જોવા મળ્યું છે. ઈફકોમાં પણ ભાજપમાં આંતરિક ડખા જોવા મળી રહ્યાં છે. ઈફકોમાં એક જગ્યા માટે ૪ ફોર્મ ભરાયા છે. ભાજપમાં ક્યાંય ઓલ ઈઝ વેલ નથી. તો બીજી તરફ, ભાજપ રાદડિયાનું પત્તુ કાપવાના ફિરાકમાં છે તેવી ચર્ચા પણ ચાલી રહી છે. આગામી ૯ મેના રોજ ઈફકોની ચૂંટણી યોજાવાની છે. જેમાં ભાજપ દ્વારા અમદાવાદ ગોતા વિસ્તારના બીપીન નારણભાઈ પટેલના જે બિપિન ગોતા નામથી જાણીતા છે તેમના નામનો મેન્ડેટ જારી કરાયો છે. હવે મુદ્દો એ છે કે, ગુજરાત માટે આ કેન્દ્રીય સંસ્થામાં બે સીટ હોય છે. આ સીટ માટે છેલ્લા ચાર દિવસ ફોર્મ ભરાયાછે. દિલીપ સંઘાણી ઉપરાંત જયેશ રાદડીયાએ પણ ફોર્મ ભર્યું છે. આ વચ્ચે હવે અમદાવાદથી અમિત શાહના ખાસ ગણાતા બિપીન પટેલે ભાજપે મેન્ટેડ મોકલ્યું છે, તેથી તેમણે પણ ઉમેદવારી નોંધાવી છે. તો હવે મોડાસાના પંકજ પટેલ અને માણાવદરના વિજય દેવજીભાઈ ઝાટકીએ પણ ઉમેદવારી નોંધાવી છે. આમ, એક જ જગ્યા માટે ચાર ઉમેદવારો આવ્યા છે. ઈફકોમા એક બેઠક માટે ચાર ઉમેદવારો આવતા ચૂંટણી રસાકસીભરી બની રહેશે. હવે મુદ્દો એ છે કે, ચાલુ ટર્મમાં પણ રાદડીયા ઈફકોમાં ડિરેક્ટર રહ્યા છે અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે દિલિપ સંઘાણી ચેરમેન પદે છે. ઈફકોની ગવર્નીંગ બોડીમાં એક સીટ હોય છે અને રાજકોટ જિલ્લાના ૪૨ સહિત ૧૭૬ ડેલીગેટ્સ તેના મતદારો હોય છે. ભાજપ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સહકારી ક્ષેત્રની ચૂંટણી પણ પક્ષીય ધોરણે લડાય છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટી ઓફિસ પર સાથી કાર્યકર્તાઓ સાથે સમય વિતાવ્યો હતો. ચૂંટણીને લઈને તેમની સાથે ચર્ચા વિચારણા કરી હતી.

### ડીઇઓ સ્કૂલ વહીવટ સરકાર હસ્તક લેવાનો પત્ર પણ કમિશ્નરને સુપ્રદ કરશે

## શિક્ષકને ખોટી રીતે હાંકી કાઢવા બદલ આદર્શ સ્કૂલની ૨૫ ટકા ગ્રાન્ટ કાપવાનો આદેશ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાં શિક્ષકને ખોટી રીતે કાઢનારી ઓઢવની સ્કૂલનો ગ્રાન્ટ કાપવાનો અમદાવાદના ડીઈઓ (ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસર)એ આદેશ આપ્યો છે. શિક્ષકને ખોટી રીતે હાંકી કાઢવા બદલ આદર્શ સ્કૂલની ૨૫ ટકા ગ્રાન્ટ કાપવાનો આદેશ જિલ્લા શિક્ષણ અધિકારીએ આપ્યો છે. તેની સાથે સ્કૂલના ચાર વર્ગો બંધ કરવાનો આદેશ પણ ડીઈઓએ આપ્યો છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ)ના જણાવ્યા મુજબ આદર્શ સ્કૂલ સામેની તપાસમાં શિક્ષકને ખોટી રીતે હાંકી કાઢવાનું ષડયંત્ર હોવાનું સાબિત થયું છે. આ ઉપરાંત ડીઈઓ સ્કૂલ વહીવટ સરકાર હસ્તક લેવાનો પત્ર પણ કમિશ્નરને સુપ્રદ કરશે. અમદાવાદના જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીના જણાવ્યા મુજબ ઓઢવની આદર્શ સ્કૂલે શિક્ષકને ખોટી રીતે કાઢી મૂક્યાની ફરિયાદ મળી હતી. આ કિસ્સાની તપાસ કરવામાં આવતા તેની સાથે-સાથે સ્કૂલના કામકાજમાં પણ અનેક પ્રકારની અનિયમિતતા જોવા મળી હતી.

### મૃતક મહિલાએ પોતાની તમામ પ્રોપટી ટ્રસ્ટને સોંપી દીધી હતી

# કેન્સરગ્રસ્ત મહિલાના મોત બાદ શખ્સે બેંકમાંથી રૂ. ૨૧.૧૬ લાખ ઉપાડી લીધા

**વૃદ્ધ રક્ષાબેને પોતાની મિલ્કતનું વસિયતનામું બનાવ્યું હતું જેમાં સાક્ષી પાર્થને રાખ્યો હતો**

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

સિંગરવામાં ખુશરાજી સિનિયર સિટીઝન કેર એન્ડ રિસર્ચ સેન્ટરમાં સ્વયંસેવક તરીકે કામ કરતા યુવકે કેન્સરગ્રસ્ત મહિલાના મોત બાદ તેમના ખાતામાથી રૂ.૨૧.૧૬ લાખ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને ઠગાઈ આચરી લીધી હોવાનું ટ્રસ્ટના મેનેજરને ધ્યાને આવતા પાર્થ નામના યુવક વિરુદ્ધ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સિંગરવામાં રહેતા ઈશિતાબેન કોન્ટ્રાક્ટર વર્લ્ડ રિન્યૂઅલ સ્પિરિચ્યૂઅલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ખુશરાજી સિનિયર સિટીઝન કેર એન્ડ રિચર્સ સેન્ટરમાં મેનેજર તરીકે નોકરી કરે છે. આ ટ્રસ્ટમાં હરિયાણાના અંબાલાનો પાર્થ ક્રિષ્ન ગ્રોવર સ્વંયસેવક તરીકે એક વર્ષ અગાઉ જોડાયો હતો. તેને પગાર ચૂકવવામાં આવતો હતો. સંસ્થામાં



આશ્રિત તરીકે રક્ષાબેન ગાંધી રહેતા હતા. તેમને કેન્સરની બીમારી થતા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

આ સમયે પાર્થ તેમની દેખરેખ રાખતો હતો. પાર્થ આશ્રિત મહિલાના બેંકના કામકાજ પણ કરી આપતો હતો. વૃદ્ધ રક્ષાબેને પોતાની મિલ્કતનું વસિયતનામું બનાવ્યું હતું જેમાં સાક્ષી પાર્થને રાખ્યો હતો. રક્ષાબેને તેમની તમામ મિલ્કત ટ્રસ્ટના નામે કરી હતી. સારવાર દરમિયાન રક્ષાબેનનુ મોત નિપજ્યુ હતુ. બાદમાં પાર્થ ગામડે જતો રહ્યો હતો.

થોડાંક મહિના બાદ ટ્રસ્ટમાં પાછો આવ્યો ત્યારે પોતાના માતા-પિતાને પણ સાથે લઈને આવ્યો અને રક્ષાબેનના મોત બાદ તેના વર્તનમાં ઘણો ફેરફાર જોવા મળી રહ્યો હતો. જેથી મેનેજર ઈશીતાબેનને શંકા જતા પાર્થ સાથે વાતચીત કરવા નજીક ગયા તેટલામાં પાર્થ ટ્રસ્ટની દીવાલ કૂદીને નાસી ગયો હતો. મહિલા મેનેજરે રક્ષાબેનના રૂમમાં જઈને તપાસ કરતા પાસબુક મળી આવી હતી. તેમાં તેમના મૃત્યુ બાદ પાર્થે ૨૧.૧૬ લાખ રૂપિયા એકાઉન્ટમાથી ઉપાડી લીધા હોવાનું સામે આવ્યુ હતુ. આ અંગે ઈશિતાબેને પાર્થ સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

### સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી

# સુરતમાં આર્થિક તંગીમાથી છૂટવા તાંત્રિક પાસે ગયેલી મહિલાએ લાજ ગુમાવવી પડી

**ધાર્મિક કર્મકાંડ વિધિ કરવાના બહાને પરણિતાને સાથે અડપલા કર્યા અને વિધિ પૂરી નહીં કરે તો પતિ મરી જશે તેવો ડર ઘૂસાડી લાજ લૂંટી**

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરતના ઉતરાણ વિસ્તારમાં રહેતી પરણીતાને તાંત્રિક ભેટી ગયો હતો. ઘરમાં ધાર્મિક કર્મકાંડ વિધિ કરવાના બ્હાને પરણિતાને સાથે શારિરીક અડપલાં કર્યા હતાં. મહિલાએ પ્રતિકાર કરતાં જો વિધિ પૂરી નહીં થાય તો તારા પતિ અથવા ઘરમાથી કોઈનો પણ ભોગ લેવાશે તેવું કહી પરિણીતાને ડરાવી હતી.

બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી તાંત્રિકે મહિલાને હવસનો શિકાર બનાવી હતી. આખરે ભોગ બનેલી પરિણીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા તાંત્રિક સામે બળાત્કારનો ગુનો દાખલ કરાયો છે. અંધશ્રધ્ધાને લીધે શહેરમાં વિધિના બહાને તાંત્રિકોનો ભોગ બનવાના કિસ્સા સામે આવતા રહે છે. શહેરના ઉત્રાણ વિસ્તારમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. ઉત્રાણ વિસ્તારમાં રહેતી પરણીતા પોતાના ઘરે હતી ત્યારે અમરોલી કોસાડ રોડ પર સ્વીટ હોમની સામે શ્રી હરિકૃષ્ણ રેસીડેન્સીમાં રહેતા રાહુલ દિનેશભાઈ પંડ્યા તેણીના ઘરે આવ્યા હતા.

પરણીતાને ઘરમાં બેડરૂમ અને બાથરૂમ સાથે હોવાથી ઘરમાં વાસ્તુદોષ છે, એટલે આર્થિક તંગી રહે છે. તેવું કહી મનમાં મૂંઝવણ ઉભી કરી હતી. મહિલાએ વધારે પૃચ્છા કરતાં તાંત્રિક રાહુલે ધાર્મિક વિધિ કરવાની વાત કરી હતી. રાહુલ પંડ્યાએ મગના અને અડદના દાણા લઈ પરિણીતાને બેડરૂમના દરવાજા ઉપર ઊભી રાખી કપાળે જીભથી ચાંદલો કરવા કહ્યું, આવું કરવા જતાં તાંત્રિકે તેણીને કિસ કરવાની કોશિશ કરી હતી. પરિણીતા એ પ્રતિકાર કરતા તાંત્રિક રાહુલે હવે તો આ વિધિ પૂરી કરવી જ પડશે. જો તું આ વિધિ પૂરી નહીં કરે તો તારો પતિ મરી જશે અથવા તો ઘરમાથી કોઈનો પણ ભોગ લેવાશે. તેવું કહીને પરણીતાને ડરાવી હતી.

ડરી ગયેલી પરિણીતાના ઘરે તાંત્રિક વિધિના બહાને આવતો હતો અને તું તારા પતિને ડિવોર્સ આપી દે અને જો ડિવોર્સ નહીં આપે તો તારા ફોટા વાયરલ કરી દઈશ. તેને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. અવારનવાર ઘરે આવી પરિણીતા સાથે બળાત્કાર ગુજાર્યો હતો. બે વર્ષ બાદ આખરે આ મામલે પરિણીતાએ ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાહુલ પંડ્યા સામે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અમદાવાદ જિલ્લામાં કુલ- ૫૧,૦૦૦થી વધારે ૮૫ વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો તથા ૩૦,૭૩૦ દિવ્યાંગ મતદારો

# અમદાવાદ જિલ્લામાં આજદિન સુધીમાં ૨૬૪૦ જેટલાં ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારોએ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં આગામી તારીખ ૭ મી મે-૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી માટે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે તેમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ચૂંટણી તંત્ર દ્વારા અથાક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં દરેક નાગરિકનો મત ખૂબ જ કીમતી હોય છે એટલે જ ચૂંટણી પંચ દ્વારા ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને ૪૦%થી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદારો ઘેર બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. એ માટે ફોર્મ-૧૨ ડી ભરનારા ૩૪૭૭ જેટલાં ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો માટે પોતાના ઘરેથી મત આપી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે. આ મતદાન માટે તારીખ ૨૪ એપ્રિલથી તંત્ર દ્વારા તેમના ઘરે ઘરે જઈ મત મેળવવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. જેમાં આજ દિન સુધીમાં અમદાવાદ જિલ્લામાં કુલ-૨૬૪૦ જેટલાં ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે. આ પ્રક્રિયા આગામી તારીખ ૫ મે સુધી ચાલશે. આ ઉપરાંત જેમણે ફોર્મ-૧૨ ડી નથી ભર્યું તેવા આ ઉંમરના તમામ મતદારો અને દિવ્યાંગ મતદારો મતદાન મથક પર જઈને પણ મતદાન કરી શકશે. આ મતદારો માટે મતદાન મથકો પર




પણ સ્વયંસેવકો તથા વ્હીલચેરની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લામાં કુલ- ૫૧,૦૦૦થી વધારે ૮૫ વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો નોંધાયેલા છે. વરિષ્ઠ અને શતાયુ મતદારોની વિગતવાર વાત કરીએ તો, સૌથી વધુ અમદાવાદ પશ્ચિમ લોકસભામાં ૧૮,૮૩૬ મતદારો ૮૫ વયના છે, જ્યારે અમદાવાદ પૂર્વ લોકસભામાં ૬૫૮૦ મતદારો ૮૫ વયના છે. આ ઉપરાંત ગાંધીનગર લોકસભામાં ૧૬,૮૩૧ મતદારો ૮૫ વયના છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ ૩૦,૭૩૦ દિવ્યાંગ મતદારો છે. જે પૈકી ૧૭,૦૬૪ પુરુષ અને ૧૩,૬૬૨ મહિલાઓનો સમાવેશ થાય છે.

લોકસભા મતક્ષેત્રમાં આવતા વિધાનસભાના વિસ્તારવાઈઝ આ સંખ્યાની વાત કરીએ તો, અમદાવાદ પશ્ચિમ લોકસભાના એલિસબ્રીજ વિધાનસભામાં ૬૯૬૨, અમરાઈવાડી વિધાનસભામાં ૧૭૨૦, દરિયાપુર વિધાનસભામાં ૨૦૮૨, જમાલપુર-ખાડિયા વિધાનસભામાં ૧૬૦૭, મણિનગર વિધાનસભામાં ૨૮૮૧, દાણીલીમડા વિધાનસભામાં ૧૯૦૮ અને અસારવા વિધાનસભામાં ૧૬૭૬ મતદારો ૮૫ વયના છે.

અમદાવાદ પૂર્વ લોકસભાના વટવા વિધાનસભામાં ૧૧૬૬, નિકોલ વિધાનસભામાં ૧૦૧૩, નરોડા વિધાનસભામાં ૧૯૩૯, ઠક્કરબાપાનગર વિધાનસભામાં ૧૧૮૨, અને બાપુનગર વિધાનસભામાં ૧૨૮૦ મતદારો ૮૫ વયના છે. આ ઉપરાંત ગાંધીનગર લોકસભાના ઘાટલોડિયા વિધાનસભામાં ૪૦૦૫, વેજલપુર વિધાનસભામાં ૪૩૯૩, નારણપુરા વિધાનસભામાં ૪૧૬૨, સાબરમતી વિધાનસભામાં ૨૩૩૭ અને સાણંદ વિધાનસભામાં ૧૯૩૪ મતદારો ૮૫ વયના છે. સુરેન્દ્રનગર લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ બે વિધાનસભા વિરમગામ અને ધંધુકા અમદાવાદ જિલ્લામાં આવે છે, જ્યારે ખેડા લોકસભા મતવિસ્તારમાં પણ સમાવિષ્ટ બે વિધાનસભા ધોળકા અને દસ્ક્રોઈ અમદાવાદ જિલ્લામાં આવે છે. આ ચાર વિધાનસભાની વાત કરીએ તો, વિરમગામ વિધાનસભામાં ૨૫૩૨ અને ધંધુકા વિધાનસભામાં ૩૩૩૦ મતદારો ૮૫ વયના છે. જ્યારે ધોળકા વિધાનસભામાં ૧૩૪૧ અને દસ્ક્રોઈ વિધાનસભામાં ૧૮૫૨ મતદારો ૮૫ વયના છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્ર વ્યાપક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

## કેટલાક લોકો ખોટી રીતે ફાયદો લેવા સિસ્ટમમાં ચેડા કરતા હતા, પરંતુ તેમને દૂર કરવામાં આવ્યા છે : અમેરિકા

# અમેરિકાના H-1B વિઝાની અરજીઓમાં ૪૦% ઘટાડો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

અમેરિકાના એચ-૧બી વિઝા માટે હંમેશા જોરદાર ડિમાન્ડ રહે છે અને કંપનીઓ આ વિઝા મેળવવા માટે જાત જાતના હથકંડા અપનાવે છે. જોકે, અમેરિકાએ તાજેતરમાં એવા કેટલાક સુધારા કર્યા છે જેના કારણે H-1B વિઝાની અરજીઓમાં સીધો ૪૦ ટકાનો ઘટાડો થયો છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસે તાજેતરમાં જાહેરાત કરી છે કે H-1B વિઝા માટે લોટરી એપ્લિકેશનમાં ઘટાડો થયો છે. કેટલાક લોકો લોટરી સિસ્ટમમાં ફાયદો




ઉઠાવવા માટે એકથી વધારે અરજીઓ કરતા હોય છે. તેને રોકવાના પગલાં લેવાતા અરજીઓની સંખ્યા તરત ઘટી ગઈ છે. USCISએ જણાવ્યું કે ગયા વર્ષની સરખામણીમાં આ વખતે H-1B વિઝા માટે ઘણા ઓછા પ્રયાસ કરવામાં આવ્યા છે. તેનું કારણ છે કે અમે લાભાર્થી કેન્દ્રિત સિલેક્શન પ્રોસેસ અપનાવી છે. કેટલાક લોકો ખોટી રીતે ફાયદો લેવા સિસ્ટમમાં ચેડા કરતા હતા, પરંતુ તેમને દૂર કરવામાં આવ્યા છે. હવેથી કોઈ પણ આવી રીતે ખોટી અરજી કરશે તો તેની સામે પગલાં લેવાશે. માર્ચના અંતમાં અમેરિકામાં H-1B વિઝા માટે લોટરી થઈ ત્યારે સરકારે ૪.૭૦ લાખથી વધારે અરજીઓ મળી હતી. ગયા વર્ષે સમાન ગાળામાં ૭.૬૦ લાખની આસપાસ અરજીઓ મળી હતી. એટલે કે એક જ વર્ષમાં અરજીઓની સંખ્યામાં ૪૦ ટકા ઘટાડો થયો છે.

### માર્ચના અંતમાં ૪.૭૦ લાખથી વધારે અરજી મળી હતી

અમેરિકન કંપનીઓને આ વિઝા પ્રોગ્રામથી ટેલેન્ટેડ લોકો મળી રહે છે. પરંતુ તેના ટીકાકારોનું કહેવું છે કે આના કારણે લોકોના પગાર ઘટે છે અને લેબરને પ્રોટેક્શન મળતું નથી. કંપનીઓ સસ્તા પગારમાં વિદેશી વર્કર્સને લાવવા માટે સ્થાનિક લોકોની છટણી કરે છે. ઈન્ફોસિસ, એમેઝોન, માઈક્રોસોફ્ટ, એપલ, મેટા, ગૂગલ જેવી ટોચની ટેક્નોલોજી કંપનીઓ H-1B વિઝા પર સૌથી વધુ લોકોને હાયર કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઈલેક્ટ્રોનિક રજિસ્ટ્રેશન ફી માત્ર ૧૦ ડોલર રાખવામાં આવી હતી, આ ઉપરાંત ફિઝિકલ પેપરવર્ક સબમિટ કરવાની પણ જરૂરિયાત નથી રહી. તેના કારણે તેનો ઘણો દુરુપયોગ થવા લાગ્યો હતો. USCIS પાસે એવા કિસ્સા પણ આવ્યા છે જેમાં એક વ્યક્તિએ એક જ વર્ષમાં ૮૩ જોબ ઓફર માટે અરજી સબમિટ કરી હતી. નવા રૂલ વ્યવસ્થિત છે અને તેમાં દરેકને સરખો ચાન્સ મળશે ભલે પછી તેની પાસે ગમે તેટલી જોબ ઓફર હોય. H-1B વિઝાની સંખ્યા વધારવા માટે ભારતે હંમેશા માંગણી કરી છે કારણ કે આ વિઝાનો લાભ લેવામાં ભારતીયો હંમેશાથી આગળ રહ્યા છે. કેટલાક કડવા અનુભવો પછી અમેરિકન ઓથોરિટીને સમજાયું કે આ સિસ્ટમમાં કેટલીક ખામી છે જેનો અમુક કંપનીઓ ઘણો દુરુપયોગ કરે છે. USCISના આંકડા પ્રમાણે ૨૦૨૨માં ૪.૪૧ લાખ H-1B વિઝા એપ્લિકેશન એપ્રૂવ કરવામાં આવી હતી જેમાંથી ૭૨ ટકા કરતા વધારે અરજીઓ ભારતની હતી. ત્યાર પછી ચીનની ૧૨.૫ ટકા અરજીઓ એપ્રૂવ થઈ હતી કેનેડા ત્રીજા નંબર પર હતું અને તેની માત્ર એક ટકા અરજીઓને એપ્રૂવ કરવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### નરેન્દ્ર મોદીના ભાષણોમાં તથ્યો અને વાસ્તવિકતાનો અભાવ સ્પષ્ટ દેખાય છે



। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા શરદ પવારે ફરી એકવાર વડાપ્રધાન મોદી સામે પ્રહારો કરતાં કહ્યું કે નરેન્દ્ર મોદીના ભાષણોમાં તથ્યો અને વાસ્તવિકતાનો અભાવ સ્પષ્ટ દેખાય છે. મેં આજ સુધી આવા વડાપ્રધાન જોયા નથી જેમના ભાષણો તથ્યો અને વાસ્તવિકતાથી દૂર હોય છે. શરદ પવારે કહ્યું કે નરેન્દ્ર મોદી મને અને ઉદ્ધવ ઠાકરેને નિશાન બનાવીને જ સંતુષ્ટ છે. પવારે એવો પણ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદી લોકો સાથે જોડાયેલા મુદ્દાઓ પર વાત કરતા નથી પરંતુ તેમનું ધ્યાન ભટકાવવામાં જ વ્યસ્ત રહે છે. પવારે કહ્યું, મેં ક્યારેય એવા વડાપ્રધાન જોયા નથી જેમના ભાષણો તથ્યો અને વાસ્તવિકતા પર આધારિત ન હોય. મને અને ઉદ્ધવ ઠાકરેને નિશાન બનાવીને તેઓ સંતુષ્ટ છે. મહારાષ્ટ્રમાં પાંચ તબક્કાની લોકસભા ચૂંટણી પર આશ્ચર્ય વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, આ એટલા માટે છે કે મોદી શક્ય તેટલું પ્રચાર કરી શકે. સત્તામાં રહેલા લોકો ચિંતામાં છે. પવારે કહ્યું કે વડાપ્રધાન મોદી વારંવાર કહી રહ્યા છે કે જો વિપક્ષનું ગઠબંધન 'I.N.D.I.A.' સત્તામાં આવશે તો તે ધર્મના આધારે અનામત લાવશે, જે માત્ર સામાજિક તણાવ પેદા કરવાનો પ્રયાસ છે.

### મહિલા આયોગના ૨૨૩ કર્મચારીની નોકરીમાંથી હકાલપટ્ટી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હીના મહિલા આયોગમાં કામ કરતા ૨૨૩ જેટલા કર્મચારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા છે. આમ અચાનક કર્મચારીઓ પર થયેલી કાર્યવાહીને પગલે દિલ્હીમાં રાજકારણમાં ગરમાવો આવે તેવી સંભાવના વર્તાઈ રહી છે. મળતા અહેવાલ અનુસાર દિલ્હી મહિલા આયોગમાંથી ૨૨૩ કર્મચારીઓની તાત્કાલિક અસરથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે. સક્સેનાના આદેશ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. એવો આરોપ છે કે દિલ્હીના મહિલા આયોગના તત્કાલીન અધ્યક્ષ સ્વાતી માલીવાલે નિયમો વિરુદ્ધ મંજૂરી વગર જ આ લોકોની નિમણૂક કરી હતી. આ કાર્યવાહીને કારણે ફરી એકવાર દિલ્હી સરકાર અને ઉપરાજ્યપાલ વચ્ચે ખેંચતાણ વધી શકે છે. જોકે કેજરીવાલ હાલ જેલમાં હોવાથી આ મામલે હવે શું પ્રતિક્રિયા જોવા મળે છે તે જોવાની રહી. આ મામલે આરોપ છે કે જ્યારે સ્વાતિ માલીવાલ ડિપાર્ટમેન્ટ ઓફ વૂમન એન્ડ ચાઈલ્ડ ડેવલપ મેન્ટના ચેરપર્સન હતા.

## અક્ષય બમે ભાજપ સાથે ડીલ મામલે આપ્યો જવાબ

# ૧૫ લાખની ઘડિયાળ પહેરનારને કોઈ શું ઓફર આપશે : અક્ષય બમ

### અક્ષય બમે લીધેલા પગલાંથી ઈન્દોરની લોકસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે

। (એજન્સી) ઈન્દોર, તા.૨ ।

સુરત બાદ ઈન્દોર બેઠક પર કોંગ્રેસ પક્ષ સાથે ખેલ થઈ ગયો છે. કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ જ પરત ખેંચી લીધું છે. ઈન્દોર લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બમે નાટકીય રીતે ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા તેના પર રૂપિયા લઈ બેસી જવાનો આરોપ લાગ્યો હતો. હવે અક્ષય બમે ભાજપ સાથે ડીલ મામલે જવાબ આપ્યો છે તેમણે આ તમામ આરોપોને નકારી કાઢતા જણાવ્યું છે કે મેં પહેરેલી ઘડિયાળ જ ૧૫ લાખ રૂપિયાની છે તો મને



કોઈ શું ઓફર આપશે? અક્ષય બમે ૨૯મી એપ્રિલના રોજ લીધેલા પગલાંના લીધે ઈન્દોરની લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર શંકર લાલવાણી બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. બમ તે જ દિવસે ભાજપમાં જોડાઈ ગયા હતા. આ સાથે જ તેમણે ભાજપ સાથે કોઈ ડીલ હેઠળ જોડાયા હોવાના આરોપને નકારી કાઢ્યા છે. બમે પોતાની એફિડેવિટમાં ૫૫.૨૮ કરોડની સંપત્તિની જાહેરાત કરી છે. તેમા તેની ૧૪.૦૫ લાખ રૂપિયાની કાંડા ઘડિયાળ પણ સામેલ છે. તેમણે કોંગ્રેસના તે આરોપને નકારી કાઢ્યો છે કે ભગવા કેમ્પને ચૂંટણીનો જ ડર લાગતો હોવાથી હવે તે સીધા તેના ઉમેદવારોને ઉઠાવી રહી છે. અગાઉની ચૂંટણીમાં બમે કોંગ્રેસ પાસે ઈન્દોર-૪ની વિધાનસભા બેઠક માંગી હતી. આ બેઠકને કોંગ્રેસ માટે અત્યંત મુશ્કેલ બેઠકોમાં એક ગણવામાં આવે છે.

## બ્રાહ્મણ-મુસ્લિમ પર લગાવ્યો દાવ

# બહુજન સમાજ પાર્ટી (બસપા)એ ૬ ઉમેદવારોની યાદી જાહેર કરી

### આઝમગઢ બેઠક પરથી બીજી વખત બસપાએ બદલ્યા ઉમેદવાર

। (એજન્સી) લખનૌ, તા.૨ ।

માયાવતીની આગેવાની હેઠળની બહુજન સમાજ પાર્ટી (બસપા)એ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની નધુ એક યાદી જાહેર કરી છે. બસપાની આ યાદીમાં કૈસરગંજ, ગોંડા, ડુમરિયાગંજ, સંતકબીરનગર, બારાબંકી, આઝમગઢ બેઠકથી ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. પાર્ટીએ કૈસરગંજ બેઠક પરથી નરેન્દ્ર પાંડેયને ઉમેદવાર બનાવ્યા છે તો બીજી તરફ આઝમગઢથી ઉમેદવાર બદલી નાખ્યા છે. લખનઉ પૂર્વ બેઠક પરથી પેટા ચૂંટણીમાં પાર્ટીએ આલોક કુશવાહાને ટિકિટ




આપી છે. બસપાએ ગોંડા લોકસભા બેઠક પરથી સૌરભ કુમાર મિશ્રા, ડુમરિયાગંજ બેઠક પરથી મોહમ્મદ નદીમ મિર્ઝા અને સંત કબીરનગર બેઠક પરથી નદીમ અશરફને ટિકિટ આપી છે. પાર્ટીએ અનુસૂચિત જાતિ માટે અનામત બારાબંકી બેઠક પરથી શિવકુમાર દોહરે અને આઝમગઢ બેઠક પરથી મશહૂદ અહેમદને ઉમેદવાર જાહેર કર્યા છે. બસપા દ્વારા જાહેર કરવામાં આવેલી ૬ ઉમેદવારોની યાદીમાં ત્રણ મુસ્લિમ ચેહરા છે. પાર્ટીએ બે બ્રાહ્મણો પર પણ દાવ લગાવ્યો છે. એક અનામત બેઠક પરથી પાર્ટીએ અનુસૂચિત જાતિના ઉમેદવારને પણ ટિકિટ આપી છે. બસપા ઉમેદવારની આ ૧૧મી યાદી છે. આ અગાઉ પાર્ટી ૧૦ યાદી જાહેર કરીને ૭૫થી વધુ બેઠકો પર ઉમેદવારોના નામ એલાન કરી ચૂકી છે. બસપાએ આઝમગઢ લોકસભા બેઠક પરથી બીજી વખત પોતાના ઉમેદવાર બદલ્યા છે.



અરરિયા (બિહાર) ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડા ધરમગંજ મેળા ગ્રાઉન્ડમાં જાહેર સભામાં ઉપસ્થિત રહ્યા.

## દેવગૌડાના પૌત્રની મુશ્કેલી વધી

# કર્ણાટક સરકારે પ્રજ્વલ રેવન્ના સામે લુકઆઉટ નોટિસ જારી કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ પૂર્વ વડાપ્રધાન એચડીના પૌત્ર પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો છે. પ્રજ્વલ સામે લુકઆઉટ નોટિસ જારી કર્ણાટક સરકારની મુશ્કેલીઓ વધી રહી છે. તેના પર ઘણી મહિલાઓનું જાતીય શોષણ કરવાનો આરોપ છે અને તે હવે જર્મનીમાં છે. આ પહેલા પ્રજ્વાલે SIT સમક્ષ હાજર થવા માટે સાત દિવસનો સમય માંગ્યો હતો. તે જ દિવસે, SITએ પ્રજ્વલ અને તેના પિતા એચડી રેવન્નાને પણ નોટિસ પાઠવી હતી, જેમને મહિલાની ફરિયાદના આધારે આરોપી બનાવવામાં આવ્યા છે. ડેક્કન હેરાલ્ડે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે પરિપત્ર જારી થયા બાદ પ્રજ્વલ દેશમાં પ્રવેશતાની સાથે જ તેને કસ્ટડીમાં લેવામાં આવશે. મંગળવારે કર્ણાટક સરકાર દ્વારા રચાયેલી SITએ પ્રજ્વલ અને તેના પિતાને પૂછપરછ માટે હાજર થવા માટે સમન્સ જારી કર્યું હતું. સમન્સનો જવાબ આપતા, પ્રજવાલે બુધવારે એક્સ પોસ્ટ કરીને કહ્યું કે તે બેંગલુરુમાં નથી અને સત્ય બહાર આવશે. તેણે કહ્યું હતું કે, 'હું પૂછપરછમાં સામેલ થવા માટે બેંગલુરુમાં ન હોવાથી મેં મારા વકીલ મારફતે CIDનો સંપર્ક કર્યો છે. બેંગલુરુને જાણ કરવામાં આવી છે. સત્ય ટૂંક સમયમાં બહાર આવશે. તે જ સમયે, પ્રજ્વલ રેવન્નાએ, જે ઘણી મહિલાઓની કથિત જાતીય સતામણી માટે તપાસનો સામનો કરી રહી છે, તેણે પોતાને સ્વચ્છ જાહેર કર્યા છે. જેડીએસ સાંસદે પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રેવન્નાએ કહ્યું કે ટૂંક સમયમાં સત્ય સામે આવશે. ૨૬ એપ્રિલે હાસનમાં ચૂંટણી પૂરી થતાં જ જેડીએસ નેતા દેશ છોડીને ભાગી ગયા હતા. રેવન્ના સાથે સંબંધિત લગભગ ૩૦૦૦ વાંધાજનક વીડિયો સામે આવ્યા છે, જેમાં તે મહિલાઓની જાતીય સતામણી કરી રહ્યો છે. વાસ્તવમાં, પ્રજ્વલ રેવન્નાના ઘરે કામ કરતી એક મહિલાએ પોતાની જાતીય સતામણી અંગે પોલીસમાં ફરિયાદ કરી હતી. આ પછી, પોલીસે JDS સાંસદ વિરુદ્ધ ICP કલમ ૩૫૪છ (યૌન ઉત્પીડન), 354D (પીછો કરવો), ૫૦૬ (ધમકી આપવો) અને ૫૦૯ (મહિલાની ગરિમાનું અપમાન) હેઠળ કેસ નોંધ્યો છે. આ પછી રેવન્ના સાથે જોડાયેલા વીડિયો પણ વાયરલ થવા લાગ્યા. એવું કહેવામાં આવ્યું હતું કે રેવન્નાએ માત્ર એક કે બે નહીં પરંતુ ઘણી મહિલાઓનું યૌન શોષણ કર્યું હતું.

## હિમાચલના કાંગડા જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટના

# પૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાના મામાના દીકરાનું અકસ્માતમાં મુત્યુ થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાના મામાના પુત્રનું હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં કુલ બે લોકોએ જીવ ગુમાવ્યા છે. અકસ્માત બાદ આરોપી ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો, જેને હવે પોલીસે પકડી લીધો છે. અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, આ હિટ એન્ડ રન મામલો કાંગડાના ગગ્ગલ એરપોર્ટ નજીક ગગ્ગલ પોલીસ સ્ટેશન હેઠળ સામે આવ્યો છે. ઘટનાની માહિતી મળતાં પોલીસે ફરાર ટેક્સી ડ્રાઈવરનો પીછો કરીને મંડીમાંથી તેની ધરપકડ કરી હતી.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, કાંગડાના ગગ્ગલમાં હિમાચલ ટિમ્બર પાસે થયું હતું. એક અજાણ્યા વાહનચાલકે તેજ ગતિએ વાહન ચલાવતા અને બેદરકારીપૂર્વક એક સ્કૂટરને ટક્કર મારી હતી અને ત્યારબાદ આરોપી ડ્રાઈવર સ્થળ પરથી ભાગી ગયો હતો. આ ઘટનામાં સ્કુટી ચાલક સૌરભ કુમાર, ગગ્ગલ નિવાસી અને શુભમ નિવાસી કુથમાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

## ISROની નવી શોધમાં હાથ લાગ્યું નવુ જીવન

# ચંદ્રના ઉત્તર ધ્રુવ પર આશા કરતા વધુ પાણી મળી આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

પૃથ્વી હાલ ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે. ભવિષ્યમાં પૃથ્વી પાણીની તંગીનો સામનો કરશે. ત્યારે અન્ય ગ્રહો પર પાણીની શોધ અને જીવનની શક્યતા તપાસવામાં આવી રહી છે. જેમાં ઈસરોને મોટી સફળતા મળી છે. ચંદ્ર પર આશા કરતા વધુ પાણી મળી આવ્યું છે. ઈસરો અને કેટલાક અન્ય વૈજ્ઞાનિકોએ મળીને આ શોધ કરી છે. ચંદ્રના બંને ધ્રુવ પર પાણીનો મોટો ખજાનો છે. ઉત્તરી ધ્રુવ પર દક્ષિણી ધ્રુવની સરખામણી ડબલ પાણી છે. ચંદ્રમા પર આશા કરતા વધારે બરફ છે. પરંતુ તે તેની સપાટીની નીચે છે. તેને ખોદીને કાઢી શકાય છે. તેનો ઉપયોગ ચંદ્ર પર કોલોના બનાવવા માટે કરી શકાય છે. આ ખુલાસો ઈસરોએ કર્યો છે. ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટર, આઈઆઈટી કાનપુર, યુનિવર્સિટી ઓફ સાઉથર્ન કેલિફોર્નિયા, જેટ પ્રોપલ્શન લેબોરેટરી અને આઈઆઈટી-આઈએસએમ ધનબાદના વૈજ્ઞાનિકોએ મળીને આ રિસર્ચ કર્યું છે.

# બિહાર બાદ હવે તેલંગણામાં મતદાનનો સમય લંબાવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશમાં લોકસભાની ચૂંટણી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે આકરી ગરમી પડી રહી છે. તેને જોતા ચૂંટણી પંચ પણ સતર્ક છે. નવીનતમ માહિતી અનુસાર, બિહાર બાદ હવે ચૂંટણી પંચે તેલંગણામાં મતદાનનો સમય લંબાવવાનો નિર્ણય લીધો છે. પંચે ૧૩ મેના રોજ યોજાનારી લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે તેલંગણામાં લોકસભા મતવિસ્તાર અને ઘણી વિધાનસભા બેઠકો માટે મતદાનનો સમય લંબાવ્યો છે. નવા સમય અનુસાર હવે મતદાન સવારે ૭ થી ૫ વાગ્યાના બદલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી થશે. બુધવારે





હવામાન વિભાગ (IMD) તરફથી મળેલા બુલેટિન મુજબ, રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ૬ મે સુધી હીટ વેવની સ્થિતિ યથાવત રહેશે. ચૂંટણી પંચે એક નોટિફિકેશનમાં કહ્યું છે કે ૧૨ લોકસભા મતવિસ્તારોની તમામ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન માટે મતદાનનો સમય લંબાવાયો છે. જ્યારે બાકીની પાંચ સંસદીય બેઠકો પર, આ સમય કેટલીક વિધાનસભા ક્ષેત્રોમાં લાગુ થશે. કરીમનગર, નિઝામાબાદ, ઝહીરાબાદ, મેડક, મલકાજગીરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, ચેવેલ્લા, મહબૂબનગર, નગરકુર્નૂલ (SC), નલગોંડા અને ભોંગિર લોકસભા બેઠકો માટે મતદાનનો સમય સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે. સમાચાર એજન્સી પીટીઆઈ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા ચૂંટણી પંચે બિહારમાં મતદાનનો સમય લંબાવ્યો હતો. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આદિલાબાદ લોકસભા સીટની પાંચ વિધાનસભા સીટ, પેદ્દાપલ્લે સીટની ત્રણ. વારંગલ (SC) સીટની છ, મહેબુબાબાદ (ST) સીટની ત્રણ અને ખમ્મમ લોકસભા બેઠકના પાંચ વિધાનસભા બેઠકોમાં લાગુ થશે.

## તંત્રી લેખ...

# નિશ્ચિતપણે આ ષડયંત્ર આપણી રાષ્ટ્રીય સુરક્ષા ગંભીર પડકાર છે

હાલમાં જ એક પાકિસ્તાની નૌકા પરથી છસો કરોડના મૂલ્યનું ૮૬ કિલોગ્રામ હેરોઈનની જપ્તી ભારતમાં નશાના વધતા કારોબારમાં વિદેશી ષડયંત્રનો ખુલાસો કરે છે. જોકે આ એકમાત્ર ઘટના નથી, હાલનાં જ વર્ષોમાં અબજો રૂપિયાના નશીલા પદાર્થોની જપ્તી કરવામાં આવી છે. અસલમાં કેટલાય દેશોના સત્તા પ્રતિષ્ઠાનોની મિલીભગતથી નાર્કો-આતંકવાદના એક મોટા પેટર્નને અંજામ આપવામાં આવી રહ્યો છે. નિશ્ચિતપણે આ ષડયંત્ર આપણી રાષ્ટ્રીય સુરક્ષા માટે એક ગંભીર પડકાર છે. પહેલાંનો અનુભવ દર્શાવે છેકે જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં નશાના કારોબારથી અર્જિત ધનને આતંકવાદના પોષણમાં લગાવવામાં આવે છે. આતંકવાદીઓને હથિયાર અને પૈસા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગયા વર્ષના મે મહિનામાં પણ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો એટલે કે એનસીબી અને નૌકાદળના સંયુક્ત મિશન દ્વારા કેરળ તટ પર અઢી હજાર કિલોગ્રામ નશીલા પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત પંદર હજાર કરોડ રૂપિયા ગણાવવામાં આવી હતી. આ દેશમાં ઝડપાયેલી અત્યાર સુધીની સૌથી મોટી નશાની ખેપ હતી. ગયા મહિને ગુજરાતના તટ પર સાઈઠ પેકેટ ડ્રગ્સ લઈ જતી એક નૌકાને જ્યારે જપ્ત કરવામાં આવી ત્યારે છ પાકિસ્તાની ચાલક દળના સદસ્યોની ધરપકડ કરવામાં આવી. આ જ રીતે ફેબ્રુઆરીમાં પોરબંદર તટ પર પાંચ વિદેશી નાગરિકોને ચરસ અને ૩૩૦૦ કિલોગ્રામ નશીલા પદાર્થો સાથે પકડવામાં આવ્યા હતા. અસલમાં આ નશાના કારોબારની શરૂઆત હંમેશાં અફઘાનિસ્તાનથી થાય છે, જ્યાં અફીણ અને હેરોઈનનું મોટા પાયે ઉત્પાદન થાય છે. નશાનો આ કારોબાર હવે અફઘાન સરકારની આવકનો મોટો સ્રોત પણ છે. જોકે હાલના ઘટનાક્રમ સમુદ્ર દ્વારા માદક પદાર્થોની તસ્કરીનો સામનો કરવા માટે ગંભીર ઉપાયોની જરૂરિયાત દર્શાવે છે. જેના માટે મજબૂત કાયદા, પ્રવર્તન એજન્સીઓની ભાગીદારી, કુશળ ગુપ્તચર તંત્ર, નૌસેના અને તટરક્ષક દળોમાં તાલમેલ અને આતંકરોધી ટીમ દ્વારા નિરીક્ષણ તંત્રને મજબૂત બનાવવાની જરૂર છે. એ પણ વિચારણીય પ્રશ્ન છે કે નશીલા પદાર્થ કઈ રીતે અને ક્યાં ભારતમાં વેચાઈ રહ્યા છે. નશીલા પદાર્થોની માંગ પક્ષને પણ સંબોધિત કરવાની જરૂર છે. નશીલી દવાઓની રોકથામની સાથે જ પુનર્વાસ કાર્યક્રમો કરવાની જરૂર છે. સાથે જ નશા વિરુદ્ધ યુવાઓ વચ્ચે જાગરુકતા અભિયાન ચલાવવાની જરૂર છે.

## સંપદા સર્જનના પુનઃરોકાણથી રોજગાર સર્જન અને ટેકનિકલ પ્રગતિના રસ્તા ખૂલે છે

સમયની સાથે ભારતે વ્યાપક આર્થિક પ્રગતિ કરી છે અને આ પ્રક્રિયામાં કેટલીક વિષમતાની સ્થિતિ પણ પેદા થઈ છે, જેને દૂર કરવા માટે વારસા કરનું સૂચન કરવામાં આવ્યું છે. ઈતિહાસ સાક્ષી છે કે મધ્યમ વર્ગ અને ગરીબોના ઉત્થાન માટે લાવવામાં આવતી એવી નીતિઓ અંતે તેમનું અહિત જ કરે છે. આવાં પગલાંથી જનજીવન અસ્તવ્યસ્ત થાય છે અને આર્થિક અક્ષમતા વધી શકે છે. એવામાં સ્પષ્ટ છે કે ચૂંટણીઓ વચ્ચે આ પ્રકારનો વિચાર ઉછાળનાર કોંગ્રેસની દાનત વાસ્તવિક આર્થિક સુધારાને બદલે રાજકીય લાભ ઉઠાવવાની વધુ લાગે છે. એમ પણ વારસા કરનો વિચાર ભારતમાં નવો નથી. આઝાદી બાદથી જ ભારતમાં આ જ પ્રકારની એસ્ટેટ ડ્યુટી લાગુ થઈ, જેને માર્ચ ૧૯૮૫માં હટાવવી પડી. તેને હટાવવા પાછળ એ કારણ ગણાવાયું કે તેનાથી રાજસ્વ તો બહુ ઓછું મળ્યું, પરંતુ તે મોટી સંખ્યામાં કરદાતાઓની પરેશાનીનો કારણ બની. આ ડ્યુટી ઓછામાં ઓછી એક લાખ રૂપિયાની હેસિયતની સંપત્તિ પર લગાવવામાં આવી હતી, જેના માટે ૭.૫ ટકાનો દર નક્કી કર્યો હતો. જોકે ૨૦ લાખ રૂપિયાથી વધુની સંપત્તિ પર તેનો દર ૮૫ ટકાના સ્તરે પહોંચતો હતો! જેને કારણે આ દાવ જનતાની નજરોમાં ખટકવા લાગ્યો. કેન્દ્રના પ્રત્યક્ષ કર સંગ્રહમાં એસ્ટેટ ટેક્સ સંગ્રહની હિસ્સેદારી પણ બેહદ મામૂલી હતી. ૧૯૮૪-૮૫ દરમ્યાન એસ્ટેટ ડ્યૂટી અંતર્ગત કુલ ૨૦ કરોડ રૂપિયાનું રાજસ્વ મળ્યું. આ કરના આકલનની પ્રક્રિયા પણ ઘણી જટિલ હતી અને તેમાં કેટલાય કેસબાજીની ગૂંચમાં ફસાઈ જતા હતા, એટલે તેની વસૂલી સરકારને ઘણી મોંઘી પડતી હતી. જે સમયે આ ડ્યૂટી હટાવવામાં આવી ત્યારે દેશમાં રાજીવ ગાંધીની સરકાર હતી. તેમની સરકારમાં નાણાં મંત્રી રહેલા વી.પી. સિંહે તેને લઈને પોતાના બજેટ ભાષણમાં કહ્યું, 'એસ્ટેટ ડ્યુટીથી જ્યાં માત્ર ૨૦ કરોડ રૂપિયાનો કર જ પ્રાપ્ત થયો, જ્યારે તેના પાલન પર ઘણો પ્રશાસનિક ખર્ચ કરવો પડ્યો.' અંતે ૧૬ માર્ચ, ૧૯૮૫ની અવધિ ઉપરાંત તેની સમાપ્તિની જાહેરાત થઈ. વારસા કર હંમેશાં આર્થિક અક્ષમતાઓને પણ આમંત્રિત કરે છે, જેના કેટલાય મોરચે અનપેક્ષિત પરિણામ સામે આવે છે. આ પ્રકારના કરથી લોકોનો આર્થિક વ્યવહાર બગડી શકે છે. વારસા કર જેવી વ્યવસ્થામાં લોકો બચત કે રોકાણના વધુ ઉપભોગ તરફ વળે છે. વારસા કરનો વધારાનો ખર્ચ પણ કરદાતાઓનો મિજાજ બગાડે છે. પુરાવા દર્શાવે છે કે ઊંચા એસ્ટેટ ટેક્સ સંપદા સર્જનની રાહમાં અડચણ બને છે, જેનાથી આર્થિક વૃદ્ધિ માટે જરૂરી મૂડી નિર્માણ પ્રભાવિત થાય છે. તેના વિરોધમાં એક તર્ક બેવડા કરાધાનનું પણ છે, કારણ કે વારસા કરના દાયરામાં આવનારી પરિસંપત્તિઓ પહેલેથી જ આવકવેરા કે મૂડીગત લાભ કરના દાયરામાં આવી ચૂકી હોય છે. જો સક્ષમતાની દૃષ્ટિએ જોઈએ તો એવા પરિદૃશ્યમાં કોષની સીમાંત સક્ષમતા ખર્ચ એટલે કે એમઈએસએફ ઘણો ઊંચી હોઈ શકે છે. તે સંકેત કરે છે કે જે કરોને એક વખત જ અધિરોપિત કરવામાં આવે છે, તેનાથી રાજસ્વ વસૂલી કિફાયતી હોય છે. નાના ઉદ્યમો અને પારિવારિક માલિકીના એકમો મામલે વારસા કરને કારણે તરલતાની સમસ્યા પણ પેદા થઈ જાયછે. આવા એકમો પાસે બૃહદ કર દેણદારીઓની પૂર્તિ માટે જરૂરી લિક્વિડ એસેટ્સનો અભાવ હોય છે તો તેમણે પોતાની ઉત્પાદક પરિસંપત્તિઓનું વેચાણ અથવા તેમને સંપૂર્ણ રીતે વટાવવા પર મજબૂર થવું પડે છે. તેનાથી સ્થાપિત ઉદ્યમોનું પૂરું માળખું બગડી શકે છે, જેનાથી રોજગાર અને આર્થિક વિવિધતા સમક્ષ ખતરો પેદા થવાનું જોખમ વધી જાય છે. ઊંચો વારસા કર મૂડી પલાયનને પણ ગતિ આપી શકે છે. તેને કારણે લોકો પોતાની મૂડીને ત્યાં લગાવવા માગશે જ્યાં કર મુદ્દે અનુકૂળ વ્યવસ્થા હોય. તેનાથી દેશનો કર દાયરો સંકોચાવાની સાથે જ ઘરેલુ રોકાણ ઘટી શકે છે, જેનાથી સંસાધન ફાળવણીની સ્થિતિ બગડી શકે છે. વારસા કરના પેચીદા અનુપાલન અને જટિલ પ્રશાસનિક પ્રક્રિયાથી પણ તે ફાયદા કરતાં નુક્સાન વધુ કરે છે.

**આવતી કાલે ચૈત્ર વદ એકાદશી એટલે વલ્લભ જયંતિ! અને તમામ વૈષ્ણવો માટે બહુ મોટો ઉત્સવનો દિવસ!**

# ભારતભરમાં મહાપ્રભુજીની ૮૪ બેઠકો આવેલી છે, જેમાંથી અમદાવાદની નરોડા બેઠકનો ક્રમ ૬૯મો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ચૈત્રી વદ એકાદશી વખતે તમામ બેઠકોમાં તેમજ નંદાલયો એટલે કે નાની મોટી તમામ હવેલીમાં મોટા મહોત્સવનું આયોજન થાય છે, અને શ્રી વલ્લભનાં ભક્તો આ ઉત્સવમાં ભાવપૂર્વક ભાગ લે છે.**

આવતી કાલે ચૈત્ર વદ એકાદશી એટલે વલ્લભ જયંતિ! અને તમામ વૈશ્નવો માટે બહુ મોટો ઉત્સવનો દિવસ! તો બોલો વલ્લભાધિષની જય. વલ્લભાચાર્ય મહાપ્રભુજી એ પુષ્ટિ માર્ગના પ્રણેતા કે સંસ્થાપક છે. આમ તો હવેલી પંથી તરીકે જાણીતા, આ વૈશ્નવો મહાપ્રભુજી એ બતાવેલ ઈષ્ટ એટલે કે શ્રીનાથજીની શ્રીસ્વામિનીજી ની ( રાધાજી)ની ભક્તિમાં જીવન વિતાવે છે. પૂરાં ભારતમાં મહાપ્રભુજીની ૮૪ બેઠક છે, અને એ દરેક બેઠક સાથે એના પ્રાગટ્યની એક કથા પણ જોડાયેલી છે. અમદાવાદમાં નરોડામાં પણ એમાંની એક સુપ્રસિદ્ધ બેઠક આવેલી છે. ચૈત્રી વદ એકાદશી વખતે તમામ બેઠકોમાં તેમજ નંદાલયો એટલે કે નાની મોટી તમામ હવેલીમાં મોટા મહોત્સવનું આયોજન થાય છે, અને શ્રી વલ્લભનાં ભક્તો આ ઉત્સવમાં ભાવપૂર્વક ભાગ લે છે. અમદાવાદની નરોડા બેઠકનું મહત્વ એ છે કે શ્રી મહાપ્રભુજીની ભારતભરમાં ૮૪ બેઠક છે, જેમાંથી નરોડા બેઠકનો ક્રમ ૬૯મો છે. આ બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી ભૂતલ પરિક્રમા દરમિયાન ત્રણ વખત પધાર્યા હતાં, અને ત્રણેય વખત વૈષ્ણવોને પુષ્ટિમાર્ગનું જ્ઞાન આપ્યું હતું. મુખ્ય વૈષ્ણવ ગોપાલદાસ ક્ષત્રિયને શરણે લેવા શ્રીવલ્લભ નરોડા પધાર્યા, અહીં પધારતાં જ તેમણે ગોપાલદાસને તેમના નામથી બોલાવ્યાં, અને તેઓ પણ જાણી ગયાં, કે આ પૂર્ણ પુરુષોત્તમ છે. બંનેની મુલાકાત થઈ અને ગોપાલદાસ ક્ષત્રિય તેમના શરણે આવ્યા. ખાસ નિકુંજના જીવ હતાં એટલે તેમને શરણે લેવા તેઓ ભૂતલ યાત્રા ને બહાને અહીં પધાર્યા. આ બેઠકનું મહત્વ એટલા માટે છે કે, જ્યારે ગોપાલદાસ ક્ષત્રિય ગોપાલપુર-જતીપુરા પધાર્યા, ત્યારે તેમનો કંઠ સુકાતો હતો ત્યારે સ્વયં શ્રીનાથજીએ પોતાના સોનાના ઝારીજી લઈને જલ લેવાડાવ્યું હતું. આવા ભગવદીય વૈષ્ણવને શરણે લેવા શ્રીવલ્લભ નરોડા પધાર્યા હતા. વર્ષો પછી શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીને સ્વપ્નમાં એવું જણાવ્યું કે, હું અત્રે બિરાજું છું. અહીં ખોદકામ કરો અને મારું અહીં પ્રાગટ્ય કરો. તેમની કૃપાથી અહીં નરોડા બેઠકજીનું પ્રાગટ્ય થયું. હાલ ષષ્ઠપીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી પર આ બેઠક બિરાજમાન છે.

**શ્રી મહાપ્રભુજી ની વધાઈ**
**લીલા હોતી જૂનિ નાતર,**
**જોપે શ્રી વલ્લભપ્રભુ પ્રગટ**
**ન હોતે,**
**વસુંધા રહતી સૂની**
**દિનદિન અધિક અધિક**
**છબિ ઉપજત,**
**જ્યોં કંચન નગ ચૂની**
**સગુનદાસ યહ ઘરકો સેવક,**
**જશ ગાવે જાકો મુની**

આપણે ઘણાને મોઢે એમ સાંભળ્યું હશે કે અમે પુષ્ટિ માર્ગી છીએ કે અમારે ત્યાં પુષ્ટાવેલા ઠાકોરજી છે, પણ પુષ્ટિમાર્ગ એટલે ભક્તિનો એક સંપ્રદાય છે. જેની સ્થાપના મહાપ્રભુ વલ્લભાચાર્યએ કરી હોવાથી તેને વલ્લભ સંપ્રદાય પણ કહે છે. બ્રહ્મવાદ, આત્મનિવેદન તથા ભગવત્સેવા પુષ્ટિમાર્ગના ત્રણ મુખ્ય અંગ છે. શ્રીવલ્લભાચાર્યજીને બે પુત્રો હતા,એક શ્રી ગોપીનાથજી અને બીજા શ્રી વિઠ્ઠલનાથજી. શ્રી ગોપીનાથજી ૫૫ વર્ષ સુધી ભૂતલ પર બિરાજ્યા હતા. જેના બાદ વલ્લભસંપ્રદાયનું સુકાન નાના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ એટલી સુંદર રીતે સંભાળ્યું કે આજે પુષ્ટિમાર્ગ જે સ્વરૂપમાં છે, તે શ્રીવિઠ્ઠલનાથજીના કારણે જ છે. શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી તો શ્રીવિઠ્ઠલનાથજીએ તેનો પ્રસાર કર્યો હતો. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરીને એટલે ભક્તિ માર્ગે આગળ વધી પુષ્ટિ જીવે શ્રીવલ્લભ અને શ્રીજીનાં સ્વરૂપને સમજવાનું છે. સૌ પહેલાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું પ્રાગટ્ય ગોલોક ધામમાં કેવી રીતે થયું તે જાણવુ જરૂરી છે. એકવાર શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને ગાઢ મિલનનો ભાવ થયો, પણ છતાં બંને પોત પોતાની નિકુંજમાં જઈને બિરાજ્યા. બંનેના હૃદયમાં વિરહનો અગ્નિ પ્રજવલિત હતો, અને અંતઃકરણથી પરસ્પરને મળવા તેઓ ખૂબ આતુર હતા. શ્રીઠાકોરજીના હૃદયમાં શ્રીસ્વામિનીજીનું ભાવાત્મક સ્વરૂપ બિરાજતું હતું, અને એ જ રીતે શ્રીસ્વામિનીજીના હૃદયમાં શ્રીઠાકોરજીનું ભાવાત્મક સ્વરૂપ બિરાજતું હતું. શ્રીમહાપ્રભુજી પોતાના "નિરોધ લક્ષણ" નામના ગ્રંથમાં સમજાવે છે કે, જ્યારે પરસ્પરમાં પુર્ણ નિરોધ થાય એટલે કે મિલનમાં અવરોધમધ આવે અને તેને લઈને વિરહ થાય ત્યારે, હૃદયમાં બિરાજતુ ભાવાત્મક સ્વરૂપ જાણે અજાણે બહાર પ્રગટ થઈ જાય છે. તે મુજબ બંનેના હૃદયમાં બિરાજતાં ભાવાત્મક સ્વરૂપો બહાર પ્રગટ થયાં, અને ગાઢ આલિંગન આપતાં એક સ્વરૂપ બની ગયા. આમ જે ત્રીજુ સ્વરૂપ પ્રગટ થયું તે શ્રીવલ્લભ. શ્રીમહાપ્રભુજીમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી એમ બંનેના સ્વરૂપ સૌંદર્યનું મિશ્રણ હોવાથી અદભૂત લાગે છે. શ્રીમહાપ્રભુજીએ બંને સ્વરૂપોને ભાવાત્મક રીતે મિલન કરાવ્યું. તેથી શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી ના અને સૌ ભક્તોના અતિ પ્રિય થયાં, અને તેથી તેઓ શ્રીવલ્લભ કહેવાયા. વલ્લભ એટલે વહાલા, આમ શ્રીવલ્લભમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના ભાવાત્મક સ્વરૂપો બિરાજે છે. તેથી તે જ તત્વતઃ કે'વસ્તુતઃ કૃષ્ણ એવમ' છે. હાલાકી શ્રીજી અને કૃષ્ણ બંને જુદા નથી એ રીતે જોઈએ તો શ્રીવલ્લભ પણ આ બેથી જુદા નથી, બંને અભેદ છે. આમ બંને વિગ્રહ નાં ભાવાત્મક મિલાપ પછી બંને યુગલ સ્વરૂપો વિહાર કરતાં હતાં, ત્યારે બંનેને પોતાના અવતાર લીલાની યાદ તાજી થઈ કે, જેમા એમણે લીલા સ્વરૂપે નાના-મોટા અપરાધ કર્યા હતાં અને ત્યારે એ લીલા નો ભાગ બનેલા જીવ હજી પૃથ્વી ઉપર પડ્યાં હતાં. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી કે પૃથ્વી ઉપર ગયેલા આપણા એ જીવોને ફરીથી ગોલોકની પ્રાપ્તિ કરાવો. શ્રીઠાકોરજી એ આ કાર્ય માટે શ્રીવલ્લભને આજ્ઞા કરી ભૂતલ પર બિરાજવા કહ્યું, શ્રીવલ્લભે શ્રીઠાકોરજીને કહ્યું કે આપે પણ સાથે સાથે પૃથ્વી પર પ્રગટ થવું પડશે. શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભની વિનંતી સ્વીકારી. એના પરિણામ સ્વરૂપે સં. ૧૫૩૫ના ચૈત્રવદી એકાદશીએ મધ્યાન્હે ચંપારણ્યમાં શ્રીવલ્લભ પ્રગટ થયા. એ જ દિવસે એ જ સમયે વ્રજમાં શ્રીગિરિરાજજી ઉપર શ્રીકૃષ્ણરૂપ શ્રીનાથજી પ્રગટ થયા. શ્રીવલ્લભનું એક સ્વરૂપ શ્રીઠાકોરજીનું છે, તો બીજું સ્વરૂપ શ્રીસ્વામિનીજીનું છે. પણ પૃથ્વી પર શ્રીવલ્લભ જીવોના ઉદ્ધાર કરવા ગુરૂસ્વરૂપે પ્રગટ થયા છે. આપશ્રી મહાપ્રભુજી મુખ્યત્વે ત્રણ સ્વરૂપે નીજ ભક્તોને અનુભવ કરાવે છે. (૧) શ્રીઠાકોરજી સ્વરૂપ (૨) શ્રીસ્વામિનીજી સ્વરૂપ (૩) શ્રીગુરુ સ્વરૂપ,કે શ્રીઆચાર્ય સ્વરૂપ. શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે જ્યાં સુધી શ્રીમહાપ્રભુજીમાં આપણો દ્રઢ આશ્રય સિદ્ધ ન થાય ત્યાં સુધી પુષ્ટિમાર્ગનું પરમ ફળ આપણને મળતું નથી. શ્રીમહાપ્રભુજીમાં દ્રઢ આશ્રય થયો ત્યારે જ કહેવાય કે જ્યારે આપણે એમણે કરેલી આજ્ઞા પ્રમાણે જીવન જીવીએ. આમ પુષ્ટિ પંથ સામાન્ય રીતે વૈષ્ણવનો પંથ છે, ઘણા તેને હવેલી પંથી અથવા હવેલી ધર્મ પણ કહે છે. આ સંપ્રદાયમાં હિંડોળા ઉત્સવ, મટકી ઉત્સવ, ને કૃષ્ણ જન્મોત્સવ, તથા તેના જીવન સાથે જોડાયેલા દરેક પ્રસંગો અને લીલાના પ્રસંગો પ્રમાણે તેના શણગાર વગેરે હવેલીમાં કરવામાં આવે છે. આપણે ઉપર જોયું તેમ આ પંથની સ્થાપના આંધ્ર પ્રદેશના એક તેલુગુ બ્રાહ્મણ વલ્લભાચાર્યે કરી હતી, તેથી ઘણા તેને વલ્લભ પંથ પણ કહે છે.ચૈતન્ય મહાપ્રભુ પણ આ ઉપાસનાના મુખ્ય સ્રોત રહ્યા છે,અને વલ્લભ વાણી અને યમુનાષ્ટક, તથા યમુના મહારાણીની આરતી વગેરે જેવા સ્તોત્રો આ મહા પુરુષો પાસેથી આપણને સાંપડયા છે. બાળ સ્વરૂપે જેમાં કૃષ્ણની ઉપાસના કરવામાં આવે છે, અને ખાસ કરીને વિષ્ણુ એટલે કે કૃષ્ણની ઉપાસના આ પુષ્ટિ પંથનો મુખ્ય ધ્યેય છે. આવતીકાલે વલ્લભ જયંતિ નિમિત્તે તેમના જન્મ સાથે જોડાયેલી કથા અને મહાપ્રભુજીના જીવનનું કે વલ્લભ સંપ્રદાયનું કંઈક વિશેષ તત્વ દર્શન કરીશું. તો સૌને મારા જય વલ્લભ.

**ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે, ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે, ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે**

# તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે ચૈત્ર વદ દશમે જોઈએ ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે, એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ આની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે.**

કથાકાર હંમેશા શ્રોતાઓમાં રૂચી વધે એ પ્રકારનાં ભજનો દૃષ્ટાંતો આપી કથાને એક પ્રેરણારૂપ બનાવવા સતત પ્રયત્નશીલ રહે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં વાચક ચાહક મિત્રો સાથે સારી બાબત લાગે એ જ પીરસવા પ્રયત્ન કરીએ છીએ. આજે ચૈત્ર વદ દશમે જોઈએ ભક્તિમાર્ગ કહે છે કે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ આની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી. એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે. લક્ષ્મીજી ચરણની સેવા કરે છે. આને મોટો દેવ કોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું. આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે. જ્ઞાનીઓ માને છે કે, આ શરીરનો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું, એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો. સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો. સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો. દરેકમાં મમતા અને મારાપણુંએ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે. સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષયસુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે. કપિલમુનિ માતાને કહે છે, મા, અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે. સત્સંગથી મન સુધરે છે, વાસનાનો ત્યાગ કરવા થી મન સુધરે છે, વિવેકી પુરૂષ સંગ અથવા આસક્તિને આત્માનું બંધન માને છે, પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત-મહાત્માઓ મતિ થાય છે, તો મોલનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો. દેવહુતિ કહે છે કે, મને જગતમાં ક્યાંય સંત દેખાતા નથી. કપિલ ભગવાન કહે છે, મા તું સંત થા, એટલે તને સંત મળશે. એકનાથ, તુકારામ, નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા. તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે. સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાં ફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે. તેઓ રામાયણના સુંદરકાંડની કથા કહી રહયા હતા. આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે, હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે. બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય, તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે. દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે. એકનાથ મહારાજે કથામાં કહ્યું કે, હનુમાનજી અમારે અશોકવનાં આવ્યા છે, ત્યારે ત્યાંના ફૂલઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં. સીતાજી કયાં હોય તે અશોકવન ભક્તિ જ્યાં હોય ત્યાં શોક ન હોય. એકનાજીની આ કથા હનુમાનજી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ, તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોકવનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં .ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું.છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું, તમે બંને સાચા છો. ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી, એટલે એમને ફૂલો રાતાં દેખાયા એ પણ સાચું છે. જેવી મનુષ્યની દૃષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે દર્યોધનને જગતમાં કોઈ સંત નદેખાયો બધા દુર્જન માલુમ પડયા. ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો, તેને બધા સજ્જન લાગ્યા. સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં ચારિત્રો વાંચો. સંતોને ખૂબ દુઃખ પડયું છે, પણ તે દુઃખોની અસર સંતોના મન ઉપર થતી નથી. એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરી નદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે. તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુ તંગ કરતો. એકનાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણ મહારાજને પણ તંગ કરતો પણ એકનાથજી સર્વ સહન કરે. એક દિવસ પઠાણને થયું કે, આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા. પેલો યવન એમના ઉપર થૂંક્યો. મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા. પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંકયો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા.પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં.યવન ફરી થૂંકયો.મહારાજ ફરી સ્નાન કરવા ગયા. આવું ચાલ્યા જ કર્યું. મહારાજ ૧૦૮ વખત સ્નાન કરવા ગયા, ને યવન એમના પર એકસો આઠ વખત થૂંકયો. છેવટે યવન મહારાજના પગે પડી કહે, આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં. મહારાજ કહે, એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે ૧૦૮ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું. શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છે તેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે. અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ. બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડ્યા ત્યારે તુકારામ પત્નીને કહે છે,મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું. આ સંતભાવ છે. જગતમાં ખૂબ સહન કરો. જગતમાં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે. તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળભાવ વગેરે લક્ષણો બતાવ્યાં. શાંતિની પરીક્ષા પ્રતિ કૂળતામાં થાય છે. અર્થનું-પૈસાનું અનુસંધાન રોજ રાખો છો, પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા અને શાંતિ પણ મળશે.

# શિવાંગી અને કુશાલ ટંડન ટૂંક સમયમાં સગાઈ કરશે?



બરસાતેં- મૌસમ પ્યાર કા કલાકારો શિવાંગી જોશી અને કુશલ ટંડન એકબીજાને ડેટ કરી રહ્યાં છે. તેઓએ ટૂંક સમયમાં સગાઈ કરવાનો નિર્ણય પણ લીધો છે. શિવાંગી જોશી અને કુશલ ટંડને બરસતેં- મૌસમ પ્યાર કામાં તેમના અભિનયથી દરેકને પ્રભાવિત કર્યા. તેઓએ ટીવી શોમાં આરાધના અને રેયાંશની ભૂમિકા ભજવી હતી. તેમને પ્રેમ કરવામાં આવ્યો અને તેમની કેમિસ્ટ્રીએ દિલ જીતી લીધું. આરાધના અને રેયાંશ ટેલી ટાઉનની સૌથી પ્રિય જોડી બની ગયા. ઈઆરાંશ હજી પણ સૌથી વધુ પ્રિય જોડી છે અને ચાહકો તેમની ઑફ-સ્ક્રીન કેમિસ્ટ્રીને પણ પસંદ કરે છે. હા, શિવાંગી અને કુશાલ પણ ઑફ-સ્ક્રીન સારા બોન્ડ શેર કરે છે. તેમના સ્‌જી વિડીયો અને ચિત્રો ખૂબ જ આરાધ્ય હતા અને શો સમાપ્ત થયા પછી પણ તેઓ હજુ પણ જોડાયેલા છે. તેમના ઘણા ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેઓ રિલેશનશિપ માં છે. સૂત્રએ એમ પણ ઉમેર્યુ હતું કે શિવાંગી અને કુશલ ટૂંક સમયમાં સગાઈ કરવાનું વિચારી રહ્યા છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે તેઓએ ક્યારેય તેમના સંબંધોની સ્થિતિ જાહેર કરી નથી કારણ કે તેઓ તેમના અંગત જીવનને ખાનગી રાખવાનું પસંદ કરે છે અને જ્યારે તેમને યોગ્ય સમય લાગે ત્યારે તેમના સંબંધની જાહેરાત પણ કરી શકે છે.

### ગુરુચરણ સિંહના માતા અને પિતા પણ ખૂબ ચિંતિત છે

# ગુરુચરણના ગુમ થવાના સમાચાર સાંભળીને પ્રોડ્યુસર ચોંકી ગયા

અહેવાલ મુજબ ગુરુચરણ સિંહના ગુમ થવાના સમાચાર અસિત મોદી સુધી પહોંચી ગયા છે. આ સમાચાર સાંભળીને તેને આઘાત લાગ્યો છે. અસિત એ દિવસોને યાદ કર્યા જ્યારે ગુરુચરણ તેના શોમાં રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવતા હતા. તેણે એમ પણ કહ્યું કે ગુરુચરણ સાથે તેનો સંબંધ સારો હતો. અસિત મોદીએ કહ્યું, 'આ ખૂબ જ દર્દનાક અને આઘાતજનક સમાચાર છે. તે પોતાના પરિવારને ખૂબ પ્રેમ કરતો હતો. તેણે તેના માતા અને પિતાની સંપૂર્ણ જવાબદારી પોતાના માથે લીધી હતી. અમારે કોઈ અંગત બંધન નહોતું, પણ જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી તે ખૂબ જ ધાર્મિક વ્યક્તિ હતા. તેણે કોવિડ



દરમિયાન તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો છોડી દીધો હતો, અસિત મોદીએ કહ્યું, 'આ ખૂબ જ દર્દનાક અને આઘાતજનક સમાચાર છે, તે પોતાના પરિવારને ખૂબ પ્રેમ કરતો હતો પરંતુ તે પછી પણ અમારી વચ્ચે સારા સંબંધો હતા. આસિતે ગુરુચરણ સિંહ ઠીક થઈ જશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, 'ગુરુચરણ હંમેશા મને હસતા હસતા મળતા હતા. તેનું ગાયબ થવું આશ્ચર્યજનક છે. મને ખબર નથી કે આ કેવી રીતે થયું. હાલમાં આ મામલાની તપાસ ચાલી રહી છે તેથી મને આશા છે કે કોઈ સારા સમાચાર ચોક્કસ મળશે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તે સુરક્ષિત રહે અને જલ્દીથી તેના ફોન કોલ્સનો જવાબ આપવાનું શરૂ કરે.

અગાઉ, શો 'તારક મહેતા...'માં રોશન સિંહ સોઢીના પુત્ર ગોગીની ભૂમિકા ભજવનાર અભિનેતા સમય શાહે ગુરુચરણ વિશે વાત કરી હતી. તેણે જણાવ્યું કે તેણે ૪-૫ મહિના પહેલા ગુરુચરણ સિંહ સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત એક કલાક સુધી ચાલી અને આ દરમિયાન ગુરુચરણ સમયને તેના સપના પૂરા કરવા માટે પ્રેરિત કરતા રહ્યા.

# 'પુષ્પા ૨' ફિલ્મનું પહેલું ગીત પુષ્પા પુષ્પા રીલીઝ

**વિડીયો પુષ્પા બ્રાન્ડની તાકાત દર્શાવે છે, જેનો સંકેત ગયા અઠવાડિયે 'હેન્ડ ઓફ પુષ્પા' ટીઝરમાં આપવામાં આવ્યો હતો**





**આ ગીત ૬ ભાષાઓમાં રિલીઝ કરવામાં આવ્યું છે**

પુષ્પરાજની ઉજવણી કરતાં નિર્માતાઓએ ફિલ્મનું પહેલું ગીત રિલીઝ કર્યું છે. આ ગીત ૬ ભાષાઓમાં રિલીઝ થયું છે. આ ગીત બહાર આવતાની સાથે જ દેશભરમાં પોતાનો જાદુ ચલાવવા લાગ્યો. હવે 'પુષ્પા પુષ્પા' ગીતનું લિરિકલ વર્ઝન બહાર આવ્યું છે, તેમાં અલ્લુ અર્જુનની ઝલક જોવા મળી શકે છે. આ ગીતે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. વિડીયો પુષ્પા બ્રાન્ડની તાકાત દર્શાવે છે, જેનો સંકેત ગયા અઠવાડિયે 'હેન્ડ ઓફ પુષ્પા' ટીઝરમાં આપવામાં આવ્યો હતો. જે પ્રેક્ષકોને ઉત્તેજિત કરતું હતું. આ ગીત રિલીઝ થતાની સાથે એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં પુષ્પાનો દબદબો વધુ મજબૂત બન્યો છે. એટલું જ નહીં, તેના જબરદસ્ત હૂક સ્ટેપથી 'પુષ્પાઈઝમ'ના ક્રેઝને વેગ મળ્યો છે, જે પુષ્પાઃ ધ રાઈઝના ડેબ્યૂથી પોપ કલ્ચરનો એક ભાગ બની ગયો છે. આઈકોન સ્ટાર અલ્લુ અર્જુને ફરી એકવાર બતાવ્યું છે કે શા માટે તે દેશની દરેક ભાષા અને સરહદ પારના લોકોનો પ્રિયસ્ટાર છે અને આપણા દિલ અને દિમાગ પર રાજ કરી રહ્યો છે 'પુષ્પાઃ ધ રાઈઝ'ના સંગીત માટે રાષ્ટ્રીય પુરસ્કાર જીતનાર મ્યુઝિક ડિરેક્ટર દેવી શ્રી પ્રસાદે ફરી એકવાર એક દમદાર ગીત બનાવ્યું છે જે હૃદયને સ્પર્શી જાય તેવું છે. ગીતની જબરદસ્ત ટ્યુન કાનથી સીધા હૃદય સુધી પહોંચવા જઈ રહી છે અને આવનારા દિવસોમાં તે મ્યુઝિક ચાર્ટ પર પણ રાજ કરશે. ગીતોના બોલ અને ઉત્સાહપૂર્ણ સંગીત નિઃશંકપણે દર્શકોને ફિલ્મની રજૂઆત માટે ખૂબ ઉત્સુક બનાવે છે. આ ગીત તેલુગુ, તમિલ, હિન્દી, કન્નડ, મલયાલમ અને બંગાળી ભાષાઓમાં રિલીઝ કરવામાં આવ્યું છે. દેવી શ્રી પ્રસાદે ગીતના વિવિધ સંસ્કરણો ગાવા માટે નકાશ અઝીઝ, દીપક બ્લુ, મીકા સિંહ, વિજય પ્રકાશ, રણજીત ગોવિંદ અને તિમિર બિસ્વાસ જેવા લોકપ્રિય ગાયકોને જોડ્યા છે. 'પુષ્પા ૨ઃ ધ રૂલ'નું સંગીત ટી-સીરીઝ દ્વારા રિલીઝ કરવામાં આવ્યું છે. 'પુષ્પા ૨ઃ ધ રૂલ' ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. તેનું નિર્દેશન સુકુમાર દ્વારા કરવામાં આવ્યું છે અને મશ્રી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત કરવામાં આવ્યું છે. ફિલ્મની મુખ્ય સ્ટાર કાસ્ટમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાઝીલનો સમાવેશ થાય છે. ફિલ્મ જોયા બાદ દર્શકો ખૂબ જ ઉત્સાહિત છે.

# 'સરફરોશ' ફિલ્મમાં શાહરૂખને કાસ્ટ કરવા માંગતા હતા

## 'સરફરોશ'ના ડાયરેક્ટર જોન મેથ્યુ મથને હવે પોતાના હીરોની કાસ્ટિંગને લઈને એક રસપ્રદ ખુલાસો કર્યો છે



'સરફરોશ' બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાનની કારકિદીની એક પ્રતિકાત્મક ફિલ્મ છે. ૧૯૯૯માં રીલિઝ થયેલી આ ફિલ્મમાં આમિરના કામ અને વાર્તાએ લોકોને ખૂબ પસંદ કર્યા હતા. 'સરફરોશ'ના ડાયરેક્ટર જોન મેથ્યુ મથને હવે પોતાના હીરોની કાસ્ટિંગને લઈને એક રસપ્રદ ખુલાસો કર્યો છે. જ્હોન લગભગ ૨૦ વર્ષથી મોટા પડદાથી દૂર છે, તેની છેલ્લી મોટી સ્ક્રીન રિલીઝ અજય દેવગન સ્ટારર 'શિખર' (૨૦૦૫) હતી. જોકે. તેણે ૨૦૧૩માં હિમેશ રેશમિયાની ફિલ્મ 'એ ન્યૂ લવ સ્ટોરી' ડિરેક્ટ કરી હતી, પરંતુ આ ફિલ્મ આજ સુધી રિલીઝ થઈ શકી નથી. 'સરફરોશ'ના ૨૫ વર્ષ પૂરા થવા પર જ્હોને કહ્યું છે કે આ ફિલ્મમાં આમિરને નહીં પરંતુ તેના સાથી બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનને કાસ્ટ કરવા માટે વધુ વાતાવરણ હતું. એક વાતચીતમાં જ્હોને કહ્યું કે તેણે 'દિલ' (૧૯૯૦) માં માધુરી દીક્ષિત સાથે આમિરનો એક સીન જોયા બાદ 'સરફરોશ' માટે આમિરને કાસ્ટ કરવાનો



નિર્ણય લીધો હતો. જ્હોને જણાવ્યું કે પહેલા તે ઘણી બધી હિન્દી ફિલ્મો જોતો હતો, પરંતુ ૧૯૮૦ના દાયકામાં હિન્દી ફિલ્મો એટલી ખરાબ થવા લાગી કે તેણે તે જોવાનું બંધ કરી દીધું. આ પછી તેણે પોતાની ફિલ્મ વિશે વિચારવાનું શરૂ કર્યુ અને રિસર્ચ માટે રાજસ્થાન અને દિલ્હી ગયા. તે દિલ્હીમાં એક નાનકડા ગેસ્ટહાઉસમાં રોકાયો હતો જ્યાં તેણે ટીવી પર આમિરની 'દિલ'નું એક દ્રશ્ય જોયું. જ્હોને કહ્યું, 'મેં આમિરની એક ફિલ્મનો એક નાનકડો સીન જોયો જેમાં તેનું પાત્ર માધુરી દીક્ષિતના પાત્ર સાથે રેપ કરવાનું હતું. અને મેં વિચાર્યુ કે આ છોકરો પ્રામાણિક લાગે છે, તે આ છોકરી પર બળાત્કાર નહીં કરે અને માત્ર ડોળ કરી રહ્યો છે. પરંતુ મને લાગ્યું કે તે મારા રોલને ખૂબ જ અનુકૂળ આવશે. તે સમયે તે કોઈ મોટો સ્ટાર નહોતો. તેથી જ્યારે હું મુંબઈ પાછો આવ્યો ત્યારે મેં આમિરને મનમાં રાખીને 'સરફરોશ' પર કામ શરૂ કર્યું. જ્હોને કહ્યું કે તેનો ફિલ્મમેકર મિત્ર ઈચ્છતો હતો કે તે શાહરૂખ ખાનને 'સરફરોશ'માં કાસ્ટ કરે જેથી ફિલ્મ વધુ કમાણી કરે. જ્હોને જણાવ્યું કે જ્યારે તેની સ્ટોરી તૈયાર થઈ ત્યારે તે મુંબઈમાં તેના મિત્ર મનમોહન શેટ્ટીને મળ્યો. શેટ્ટીએ એન્ટરટેઈનમેન્ટ વન નામની પોતાની ફિલ્મ પ્રોડક્શન કંપની શરૂ કરી. તેમની કંપનીએ શાહરૂખ સાથે મુખ્ય ભૂમિકામાં બે ફિલ્મો બનાવી હતી - 'કભી હાં કભી ના' અને 'અંગ્રેજી બાબુ દેશી મેમ'. પરંતુ જ્હોને સ્પષ્ટપણે કહ્યું, 'સાંભળો, મને નથી લાગતું કે શાહરુખ મારા રોલને અનુરૂપ છે' પરંતુ તેને કહેવામાં આવ્યું હતું કે 'શાહરુખ રાખવાથી પૈસાની પણ બચત થશે' કારણ કે ત્રણેયની હાજરીથી તેને સારો સોદો મળશે.

# મલ્લિકા જાનનું પાત્ર મારા મગજમાં છવાયું

**મનીષાએ જણાવ્યું કે મલ્લિકા જાનના પાત્રે તેમના પર કેટલી ઊંડી છાપ છોડી હતી**

મનીષા કોઈરાલા સંજય લીલા ભણસાલીની મેગ્નમ ઓપસ સિરીઝ ''હીરામંડીઃ ધ ડાયમંડ બઝાર''માં લીડ રોલમાં છે. તે મલ્લિકા જાનનું પાત્ર ભજવી રહી છે. આ રોલ એટલો તીવ્ર છે કે મનીષાને આ પાત્રમાથી બહાર આવવા માટે જેટલી તૈયારી કરવી પડી હતી તેના કરતાં વધુ મહેનત કરવી પડી હતી. મનીષાએ તાજેતરમાં આ વિશે વાત કરી અને જણાવ્યું કે આ પાત્રે તેના પર કેટલી ઊંડી છાપ છોડી છે. તેમાથી બહાર આવવું તેના માટે





મુશ્કેલ બની ગયું હતું. મનીષાને વિદેશ જવું પડ્યું જેથી તે મલ્લિકા જાનના પડછાયાને પાછળ છોડી શકે. તે સ્વિટ્ઝર્લેન્ડ ગઈ, ત્યાં થોડા દિવસો વિતાવ્યા અને પછી પાછી આવી. મનીષાના કહેવા પ્રમાણે, તેના માટે પોતાને સમજાવવું મુશ્કેલ હતું કે હવે સિરીઝનું શૂટિંગ સમાપ્ત થઈ ગયું છે અને તે અસલી મલ્લિકા જાન નથી. ઈન્સ્ટન્ટ બોલિવૂડને આપેલા ઈન્ટરવ્યુમાં મનીષાએ કહ્યું- હું એ જ પાત્રમાં રહી, મલ્લિકા જાનનું પાત્ર મારી સાથે ચાલુ રહ્યું. મારે આ કહેવું છે.

મલ્લિકા જાનનું પાત્ર મારા માટે ઘણું નવું હતું. આ પાત્ર મારી સાથે મારા ઘરે જતું. હું એ જ જગ્યામાં રહ્યો. જ્યારે મારા શૂટિંગનો છેલ્લો દિવસ પસાર થયો, ત્યારે હું તરત જ સ્વિસ આલ્પ્સ પર ગયો. ત્યાં જઈને ટ્રેકિંગ કર્યું અને આસપાસ ફરતા. હું ત્યાં ગયો જેથી હું સામાન્ય બની શકું.'' હું મારા મિત્રો સાથે હતો, પરંતુ હું નિશ્ચિતપણે કહી શકતો નથી કે મેં તેમની સાથે સામાન્ય રીતે વર્તન કર્યું કે નહીં. મલ્લિકા જાનના પાત્રે મને એટલો મંત્રમુગ્ધ કરી દીધો હતો કે હું મારો બધો સમય તેમાં વિતાવતો હતો. એ જ ઝોનમાં રહેતા હતા. એ પાત્રમાથી બહાર આવવા માટે મારે ખરેખર ઘણી મહેનત કરવી પડી હતી. મારે મારી જાતને મનાવવાની હતી કે બહુ થયું, એ પ્રકરણ હવે બંધ થઈ ગયું હતું. હવે તમારા વાસ્તવિક જીવનમાં પાછા જાઓ.મનીષા કોઈરાલા ૨૮ વર્ષ પછી સંજય લીલા ભણસાલી સાથે કામ કરી રહી છે. હીરામંડી ટ્રેલર લૉન્ચ ઈવેન્ટ દરમિયાન, તેણીએ જણાવ્યું હતું કે તે સંજય લીલા ભણસાલી સાથે કામ કરવા માટે કેટલી ઉત્સુક હતી. તેણે ૨૮ વર્ષથી આ ક્ષણની રાહ જોઈ હતી, જે હવે પૂરી થઈ ગઈ છે. મનીષાએ ભણસાલી સાથે ૧૯૯૬માં ફિલ્મ ખામોશીમાં કામ કર્યુ હતું.હીરામંડીમાં સંજય લીલા ભણસાલી સાથે ફરી કામ કરવા પર મનીષાએ કહ્યું- મેં ૨૮ વર્ષથી સંજયના કોલની રાહ જોઈ છે અને તે મારા માટે ખૂબ જ ખુશીની વાત છે. આવા જિનિયસ સાથે કામ કરવું એ સન્માનની વાત છે. અમે આ (હીરામંડી) ઘણી મહેનત, પ્રેમ અને સ્નેહથી બનાવી છે. હું આશા રાખું છું કે તમને તે ગમશે. અમે આ પહેલીવાર જોયું છે.

# રણબીર કપૂર પછી હવે આલિયા ભટ્ટ અને બોબી દેઓલ વચ્ચે ટક્કર થશે

રણબીર કપૂર અને બોબી દેઓલને ફિલ્મ 'એનિમલ'માં જોયાને લાંબો સમય થયો નથી. દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ જે શાનદાર શૈલીમાં આ બંને કલાકારો વચ્ચે લડાઈની ક્રમ તૈયાર કરી હતી, તેણે મોટા પડદા પર લોકોને રોમાંચિત કર્યા હતા. રણબીર બાદ હવે તેની પત્ની આલિયા ભટ્ટ સ્ક્રીન પર બોબી દેઓલ સાથે ટક્કર કરવા જઈ રહી છે. થોડા સમય પહેલા સમાચાર આવ્યા હતા કે આલિયા યશ રાજ ફિલ્મ્સના જાસૂસ-યુનિવર્સનો ભાગ બનવા જઈ રહી છે. તે ટૂંક સમયમાં શાહરૂખ ખાનના 'પઠાણ' અને સલમાન ખાનના 'ટાઈગર' અવતારના આ બ્રહ્માંડમાં નવી જાસૂસ બનશે.

આ ફિલ્મમાં તેની સાથે શર્વરી વાઘ પણ હશે. હાલમાં જ સમાચાર આવ્યા હતા કે બોબી દેઓલ આ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં આવવાના છે. હવે અહેવાલો સામે આવ્યા છે કે મેકર્સે આલિયા અને બોબી વચ્ચેની ઓનસ્ક્રીન ટક્કર માટે મજબૂત પ્લાન તૈયાર કર્યો છે. આલિયાની ફિલ્મ વિશે મિડ ડેના અહેવાલમાં જણાવાયું છે કે યશરાજ ફિલ્મ્સના આદિત્ય ચોપરા આ ફિલ્મને એક શાનદાર એક્શન એન્ટરટેનર બનાવવા માંગે છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે જાસૂસ બ્રહ્માંડનો પ્રથમ મહિલા મુખ્ય પ્રોજેક્ટ હોવાને કારણે,



નિર્માતાઓ આ ફિલ્મ પર વિશેષ ભાર મૂકે છે. જાસૂસ બ્રહ્માંડમાં તેના ડેબ્યૂ પર, આલિયા એક કે બે નહીં પરંતુ સાત એક્શન સેટ પીસમાં ધમાકેદાર જોવા મળશે. દિગ્દર્શક શિવ રાવેલની આ ફિલ્મ એક હાઈ એક્શન પ્રોજેક્ટ બનવા જઈ રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તોફાની એક્શન સાથેના સિક્વન્સમાં, આલિયા એક દ્રશ્યમાં તેની જબરદસ્ત માર્શલ આર્ટ કુશળતા દર્શાવતી જોવા મળશે. અને એક જ ક્રમમાં તેની બોબી દેઓલ સાથે જોરદાર લડાઈ થશે. તાજેતરના સમયમાં, બોબી દેઓલ માત્ર બોલિવૂડનો જ નહીં પરંતુ દક્ષિણ ભારતના મોટા નિર્માતાઓનો પણ પ્રિય વિલન બની ગયો છે.

# શોના નિર્માતા પર શોષણનો આરોપ લગાવતા તેની અગ્નિપરીક્ષા વર્ણવી

ટીવી એક્ટ્રેસ કૃષ્ણા મુખર્જી આ દિવસોમાં ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા, તેણે તેના શોના નિર્માતા પર શોષણનો આરોપ લગાવતા તેની અગ્નિપરીક્ષા વર્ણવી હતી. કૃષ્ણાએ જણાવ્યું કે દંગલ ટીવી ચેનલના શો 'શુભ શગુન'માં કામ દરમિયાન તેને નિર્માતા કુંદન સિંહના હાથે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. એટલું જ નહીં, અભિનેત્રીને તેના ૫ મહિનાના કામની ફી હજુ સુધી ચૂકવવામાં આવી નથી. હવે તેણે પોતાના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં આ વિશે ખુલીને વાત કરી છે.કૃષ્ણા મુખજીએ સેટ પર લૉક હોવાની વાત કરી છે. તેણે કહ્યું કે તેની સાથે આવું બે વાર થયું છે. ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતાં અભિનેત્રીએ કહ્યું, 'મેં ક્યારેય એવું નથી કહ્યું કે તેણે મને મેક-અપ રૂમમાં બંધ કરી દીધો હતો.

આ પ્રોડક્શન લોકોનું કામ છે. તે મારા વિશે સમાચાર બનાવી રહ્યો છે કારણ કે તેની પાસે કહેવા માટે કંઈ નથી. અને અલીએ પણ ભૂલથી કહ્યું કે હું કાદવમાં શૂટિંગ કરી રહ્યો હતો. હું ગોરેગાંવના પ્રખ્યાત સ્ટુડિયોમાં શૂટિંગ કરતો હતો અને આ બધું ત્યાં થયું હતું. મારી પાસે ઘણા બધા લોકો છે જે આગળ આવી શકે છે અને આ વિશે વાત કરી શકે છે. આ અંગે મેં એફઆઈઆર પણ નોંધાવી છે. મારે આના પર ખોટું બોલવાની જરૂર નથી.તેણે આગળ કહ્યું, 'કુંદન ખૂબ જ હોંશિયાર વ્યક્તિ છે. તેમણે અમને પુત્ર-પુત્ર કહીને મૂર્ખ બનાવ્યા છે. પરંતુ જ્યારે મેં ઓક્ટોબરમાં FIR નોંધાવી ત્યારે હું સમજી ગયો કે આ પૈસા આવવાના નથી.



# હરીશ કુમાર પાણીમાં ડૂબી રહ્યો હતો, ત્યારે કરિશ્મા કપૂરે આપ્યું નવું જીવન

**'પ્રેમ કૈદી'માં એક સીન હતો, જેમાં કરિશ્મા હરીશને સ્વિમિંગ શીખવવાની જીદ કરે છે**

'પ્રેમ કૈદી'માં એક સીન હતો, જેમાં કરિશ્મા કપૂર હરીશ કુમારને સ્વિમિંગ શીખવવા માટે આગ્રહ કરે છે. કરિશ્મા પૂલમાં કૂદી પડે છે અને ડૂબવા લાગે છે. અભિનેત્રીને ડૂબતી જોઈને હરીશ પણ પૂલમાં કૂદી ગયો અને તેનો જીવ બચાવ્યો. પરંતુ રિયલ લાઈફમાં આનાથી બિલકુલ ઊલટું હતું. બોલિવૂડ દિવા કરિશ્મા કપૂરે ૧૯૯૧માં રિલીઝ થયેલી ફિલ્મ 'પ્રેમ કૈદી'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે હરીશ કુમાર લીડ રોલમાં હતા. ફિલ્મમાં બંને સ્ટાર્સની કેમેસ્ટ્રી લોકોને પસંદ આવી હતી. તાજેતરમાં જ અભિનેતાએ ફિલ્મ સાથે જોડાયેલી એક રસપ્રદ કિસ્સો સંભળાવ્યો છે. તેણે જણાવ્યું કે શૂટિંગ દરમિયાન તે પાણીમાં ડૂબવા લાગ્યો



હતો. અકસ્માત દરમિયાન કરિશ્માએ તેનો જીવ બચાવીને તેને નવું જીવન આપ્યું હતું. ચાલો જાણીએ શું છે સમગ્ર મામલો. 'પ્રેમ કૈદી'માં એક સીન હતો, જેમાં કરિશ્મા હરીશને સ્વિમિંગ શીખવવાની જીદ કરે છે. અભિનેત્રીને બ્લેક મોનોકિનીમાં જોયા પછી, હરીશ આમ કરવામાં અચકાય છે. પરંતુ કરિશ્મા પૂલમાં કૂદી પડે છે અને ડૂબવા લાગે છે. અભિનેત્રીને ડૂબતી જોઈને તે પણ પૂલમાં કૂદી ગયો અને તેનો જીવ બચાવ્યો. પરંતુ રિયલ લાઈફમાં આનાથી બિલકુલ ઊલટું હતું. ઈન્સ્ટન્ટ બોલિવૂડને આપેલા ઈન્ટરવ્યુમાં હરીશ કુમારે કહ્યું- હું કરિશ્માને બચાવવા માટે કૂદી ગયો હતો પરંતુ વાસ્તવમાં કરિશ્માએ મને બચાવ્યો હતો. કારણ કે મને સ્વિમિંગ આવડતું ન હતું. હકીકતમાં, થોડા જ સમયમાં હું ડૂબવા લાગ્યો, હું લગભગ ડૂબી ગયો અને બધાને લાગ્યું કે હું ટીખળ રમી રહ્યો છું. પછી કરિશ્માએ મને પકડી લીધો, તેને લાગ્યું કે હું ખરેખર ડૂબી રહ્યો છું, મેં તેના કપડાં પકડી લીધા છે. અભિનેતાએ કહ્યું કે આવું ૯૦ના દાયકામાં થતું હતું. તમને જણાવી દઈએ કે ફિલ્મના સમયે કરિશ્મા ૧૭ વર્ષની હતી. જ્યારે હરીશ ૧૬ વર્ષનો હતો. હરીશ કુમારે પોતાના કરિયરની શરૂઆત બાળ કલાકાર તરીકે કરી હતી. ઘણી હિન્દી ફિલ્મો ઉપરાંત તેણે તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ફિલ્મોમાં પણ કામ કર્યુ છે. અભિનેતા 'હીરો નંબર ૧', 'મુકદમા', 'કુલી નંબર ૧', 'છોટા ચેતન' અને 'તિરંગા' જેવી ફિલ્મો માટે જાણીતો છે.

# ઝાલોદ તાલુકા પંચાયત તેમજ આઇસીડીએસનાં સંયુક્ત ઉપક્રમે આંગણવાડી બહેનો દ્વારા મતદાન જાગૃતિના સંદેશ આપવા રંગોળી બનાવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

દાહોદ જિલ્લામાં આવનાર લોકસભાની ચૂંટણીમાં મતદાન વધુમાં વધુ થાય તે માટે દાહોદ જિલ્લા ચુંટણી અધિક્ષક દ્વારા મતદાન જાગૃતિના સંદેશો આપવા માટે વિવિધ ગાઈડલાઈન આપેલ છે. તે અન્વયે ઝાલોદ તાલુકા પ્રાંત અધિકારી અને મામલતદારના માર્ગદર્શન હેઠળ આજરોજ ૦૨-૦૫-૨૦૨૪ ના રોજ તાલુકા પંચાયતના પ્રાંગણમાં તાલુકા પંચાયત તેમજ આંગણવાડીના સંયુક્ત ઉપક્રમે આંગણવાડીની બહેનો દ્વારા મતદાન જાગૃતિના સંદેશ આપતા રંગોળી બનાવવામાં આવી હતી. જેમાં મતદાન કરવું તે સહુ લોકો માટે ગર્વ છે, વોટ ફોર બેટર ઈન્ડીયા, મતદાન મહાદાન જેવા સૂત્રો લખેલ હતા તેમજ ઈવીએમ મશીનમા દર્શાવવામાં આવેલ ઉમેદવાર પૈકી કોઈ પણ એક ઉમેદવારને મત આપી સુનિશ્ચિત કરી પોતાની આંગળી પર મતદાન કર્યા ન ગર્વ સમાન કાળો ટીકો જરૂર લગાવે તેવા જાગૃતિ વાળા સંદેશ મૂક્યા હતા.




# આઝાદી કા અમૃત મહોત્સવ થીમને સમર્થન

। વડોદરા, તા.૨ ।

ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૪ની ભારતીય સામાન્ય ચૂંટણી - ૭ મે ૨૦૨૪ના રોજ ૧૮મી લોકસભાના ૨૬ સભ્યોને ચૂંટવા માટે યોજાશે. આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીની થીમને અનુસરી, ટ્રાઈકલર હોસ્પિટલ્સે જાહેર કર્યું છે કે તે ૭૫ અને ૭૫ વર્ષથી વધુ વર્ષના વયોવૃદ્ધ નાગરિકો જેમને તબીબી બિમારી હોય એમને એમ્બ્યુલન્સ /કાર સેવાઓ પ્રદાન કરીને તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરવા માટે સમર્થન કરશે.અગાઉના બુકિંગના આધારે આ એમ્બ્યુલન્સ /ગાડીની વ્યવસ્થા વૃદ્ધ નાગરિકોને તેમના ઘરેથી મતદાન કેન્દ્ર સુધી લઈ જશે અને તેમના મત આપ્યા પછી તેમને તેમના નિવાસસ્થાન પર પાછા મૂકવા પણ જશે.

૭૫ વર્ષ કે ૭૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ વ્યક્તિઓ કે જેમને તબીબી બિમારી હોય તેમને આ




સેવાઓ માટે વિશેષ પસંદગી કરવામાં આવશે અને સેવાઓની ઉપલબ્ધતા મુજબ તેમને સહકાર પૂરી પાડવામાં આવશે.

આ વિશેષ સેવાઓનો લાભ લેવા માટે અગાઉ બુકિંગ કરવાનું ફરજિયાત રહેશે અને એમના માટે ફોન નંબર જ૭૭૭૮૮૦૯૫૮૮ પર બુકિંગ કોલ કરવું પરશે. આ વાહન સેવાઓ મતદાનના દિવસે ઉપલબ્ધતા મુજબ પૂરી પાડવામાં આવશે.

# દુબઈ ઇન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં ગુજરાતનું નામ ઝળક્યું



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

તાજેતરમાં તા.૨૭ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી યોજાયેલ દુબઈ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં અમદાવાદના આરવ રાજપૂતે સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે. ભારત તરફથી પ્રતિનિધિત્વ કરનાર અમદાવાદના આરવ રાજપૂતે બ્લેક બેલ્ટ સિનિયર કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

આરવ રાજપૂતે બ્લેક બેલ્ટ સિનિયર કેટેગરીમાં **61 to 65 Kg** ની અંદર પાંચ જેટલા દેશો નાઈજેરિયા, પાકિસ્તાન, કઝાકિસ્તાન, શ્રીલંકા અને મલેશિયાને હરાવી ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે જે ગૌરવપૂર્ણ વાત છે.

આ સિદ્ધિ અંગે આરવ રાજપૂતે જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપ જીતવા સુધીની સફરમાં તેમના કોચ જયદેવ શર્માનો મહત્વનો ફાળો રહ્યો છે.

અગાઉ પણ અમદાવાદના આરવ રાજપૂતે ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં બે વખત ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

# સુરતમાં બીઆરટીએસના કમેચારીઓ હડતાળ પર

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરત મહાનગર પાલિકા સંચલિત બીઆરટીએસના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા. પાલનપુર બસ ટર્મિનલ ખાતે કર્મચારીઓ પગાર મુદ્દે માંગણીને લઈને હડતાળ પર ઉતર્યા. કર્મચારીઓનો આક્ષેપ છે કે ૨૨,૫૦૦ પગાર નક્કી કરાયો હતો જેની સામે માત્ર ૧૫,૬૦૦ આપવામાં આવે છે. સુરતના પાલનપુર ટર્મિનલ બસ ડેપોમાં એકાએક જ બીઆરટીએસ ડ્રાઈવરો પગાર સહિત વિવિધ મુદ્દાઓને લઈ હડતાલળ પર ઉતર્યા છે, જેને કારણે બસો બંધ થઈ ગઈ છે અને સાથેજ ચિકમી ઉચ્ચારી છે કે જ્યા સીધી અમારી માંગણી જ્યાં સુધી નહિ સંતોષાય ત્યાં સુધી હડતાલ યથાવત રાખશે. બીઆરટીએસના કર્મચારીઓનું કહેવું છે કે, તેમની કંપની દ્વારા નોકરી પર રાખતી વખતે જે પગાર કહેવામાં આવ્યો હતો તેની સામે અડધો પગાર ચૂકવવામાં આવી રહ્યો છે. પૂરો પગાર ચૂકવવામાં આવશે એવું કહેનાર કંપનીએ હવે ફેરવી તોળ્યું છે. જેથી કર્મચારીઓમાં કંપની સામે રોષ જોવા મળી રહ્યો છે. કર્મચારીઓનું કેહવુ છે કે બારોબાર લાઈન્સ વગરના ડ્રાઈવરો લાવી બસો યથાવત ચાલુ રાખવામાં આવી રહી છે અને લાઈસન્સ વગર ના ડ્રાઈવરો લોકોના જીવને જોખમમાં નાખી બસો ફેરવી પણ રહ્યા છે. વધુમા જણાવ્યુ હતુ કે ઉચ્ચ અધિકારીઓને વારંવાર રજૂઆત કરાઈ છે છતાં ઉચ્ચ અધિકારી સાથે વાટાઘાટો બાદ નિવારણ ન આવતા કર્મચારીઓએ વિરોધ કર્યો હતો. અને જ્યાં સુધી માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખશે અને ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ કરશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# ઝાલોદ તાલુકાના રાયપુરા ગામમાં વાઘધારા સંસ્થા - કાર્યાલય કુપડા દ્વારા વિશ્વ મજુર દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

આજ રોજ તારીખ ૧ મે ૨૦૨૪ ના રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રાયપુરા ગામમાં વાઘધારા સંસ્થા - કાર્યાલય કુપડા, દ્વારા વિશ્વ મજુર દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, વાગધારા સંસ્થા દ્વારા છેલ્લા સાત વર્ષથી દાહોદ જિલ્લાના ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં જ્યાં વગધારા સંસ્થા દ્વારા કામ કરવામાં આવે છે, તે ગામોમાં દર વર્ષે ૧ મે રોજ વિશ્વ મજૂર દિવસ તરીકે ઉજવવામાં આવે છે, એ જ પ્રમાણે આજે વાગધારા સંસ્થા દ્વારા ઝાલોદ તાલુકાના રાયપુરા ગામમાં વિશ્વ મજૂર દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વાગધારા સંસ્થાના પ્રતિનિધિ ગીરીશભાઈ પટેલ દ્વારા ગુજરાત સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી, ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ કલ્યાણ બોર્ડ દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓની સંપૂર્ણ જાણકારી આપ વામાં આવી જેમકે મેડિકલ હેલ્થ યુનિટી, ધન્વંતરી આરોગ્ય રથ, આરોગ્ય સહાય યોજના, મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોડી યોજના, શિક્ષણ સહાય યોજના, પીએચડીના અભ્યાસક્રમ માટેની યોજના, આકસ્મિક મૃત્યુ સહાય યોજના, અંતેષ્ઠી સહાય



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

યોજના, શ્રમિક અન્નપૂર્ણા યોજના, વ્યવસાયિક રોગોમાં સહાય યોજના, દિવ્યાંગ શ્રમિકો માટે ઈલેક્ટ્રીક ત્રિ ચક્કી વાહન યોજના, ગ્રામીણ પરિવહન યોજના, શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના, હાઉસિંગ સબસીડી યોજના, વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટે આર્થિક સહાય યોજના, પીએમજેજે બીવાય યોજના, સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ યોજના, સંપૂર્ણ તબીબી તપાસ યોજનાઓની જાણકારી વિસ્તારપૂર્વક આપવામાં આવી. આ યોજનાનો લાભ લેવા માટે દાહોદ જિલ્લામાં સામાજિક સુરક્ષા એકમ વિભાગમાં ચલાવવામાં આવતી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બનાવવામાં આવતું શ્રમયોગી કાર્ડ માટે આવશ્યક દસ્તાવેજોની જાણકારી વિસ્તારપૂર્વક જણાવવામાં આવી.

# મહેસાણામાં આખરે સિટીબસ સેવા બંધ કરવામાં આવી

। (એજન્સી) મહેસાણા, તા.૨ ।

મહેસાણામાં શહેરીજનો અને પ્રવાસીઓ માટે માઠા સમાચાર, શહેરમાં સિટીબસ સેવા બંધ કરવામાં આવી છે. કોન્ટ્રાકટરને બિલની ચૂકવણી ના કરવામાં આવતા આખરે આ સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બસ સેવા બંધ થવાથી શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. સિટીબસ સેવાનો કોન્ટ્રાકટ એક એજન્સીને આપવામાં આવ્યો હતો. પરંતુ નગર પાલિકાએ આ એજન્સીને લાંબા સમયથી બિલની ચૂકવણી કરી નથી. લગભગ ૬ મહિનાથી નગરપાલિકા દ્વારા એજન્સી બિલ ચૂકવવામાં આવ્યું નથી. આથી આ મામલે હવે કોન્ટ્રાક્ટરે પણ કડક વલણ અપનાવતા બસ સેવા બંધ કરવાનો નિર્ણય લીધો. અગાઉ બે મહિના પહેલા પણ મહેસાણામાં સિટીબસ સેવા બંધ કરવામાં આવી હતી. એ સમયે એજન્સીને સોંપવામાં આવેલ સિટીબસને સોંપવામાં કામગીરીમાં બસના રૂટની સમસ્યા જોવા મળી હતી. જેના કારણે મુસાફરો પણ રઝળી પડયા હતા. એજન્સીને નગર પાલિકાએ નોટીસ આપતા દંડ ફટકાર્યો હતો. જેના બાદ સેવા કાર્યરત થઈ હતી. ત્યારે હવે થોડા જ સમયમાં ફરી સિટીબસ સેવા બંધ થતા નગરપાલિકા અને એજન્સી વચ્ચે ચાલતો વિખવાદ સામે આવ્યો.

# IRCTC દ્વારા ઉનાળાની રજાઓમાં પ્રવાસોની લહેર આવી છે

। અમદાવાદ, તા.૨ ।

**IRCTC** અમદાવાદ એક ભારત શ્રેષ્ઠ ભારત અને જુઓ આપણો દેશ કાર્યક્રમ ચલાવી રહ્યા છે...

● ભારત ગૌરવ-ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણોદેવી) ઉઢમ્૧૭ પ્રસ્થાન. રાજકોટથી **(8N/9D)** તા. ૨૫.૦૫.૨૦૨૪ થી ૦૨.૦૬.૨૦૨૪.

● ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન માનસખંડ યાત્રા રાજકોટથી **(10N/11D)** (અલમોડા, ભીમતાલ, ચંપાવત/લોહાઘાટ, ચૌકોરી, નૈનીતાલ, ટનકપુર) તા.૨૨.૦૫.૨૦૨૪.

● ડોમેસ્ટિક એર પેકેજ

૧.લદાખ ટુર અમદાવાદથી **WAA006 - 5N/6D** (લેહ,શામ વેલી, નુબ્રા અને પેંગોંગ) તા.૧૨.૦૫.૨૦૨૪ અને ૨૫.૦૫.૨૦૨૪.

૨. ચારધામ ટુર અમદાવાદથી **WAA027 - 11N/12D** (બારકોટ, ગંગોત્રી, ગુપ્તકાશી, હરિદ્વાર, જાનકીચટ્ટી, કેદારનાથ, રુદ્રપ્રયાગ, સીતાપુર, ઉત્તરકાશી, યમુનોત્રી)

૩. કાશ્મીર ટૂર અમદાવાદથી **WAA032 - 5N/6D** ( ગુલમર્ગ, પહલગામ, સોનમર્ગ, શ્રીનગર)

● ચાર્ટર કોચ પેકેજ – વૈષ્ણોદેવી સાથે કાશ્મીર ટુર ગાંધીનગરથી - **(10N/11D)** ટ્રેન નંબર ૧૯૨૨૩ – ૧૯૨૨૪. તા.૦૧.૦૬.૨૦૨૪ અને ૧૩.૦૬.૨૦૨૪

**સાપ્તાહિક પ્રવાસ : (કન્ફર્મ ટ્રેન ટિકિટ સાથે)**

૧. ગોવા ટૂર દર સોમવારે
૨. જગન્નાથપુરી દર સોમવારે
૩. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હેરિટેજ દર રવિવારે
૪. શ્રી તિરુપતિ બાલાજીની યાત્રા દર મંગળવાર
૫. શ્રી માતા વૈષ્ણો દેવી દર બુધવારે
૬. પચમઢી દર શુક્રવાર
૭. હરિદ્વાર - ઋષિકેશ ટુર દર બુધવારે
૮. શિમલા મનાલી ચંદીગઢ ટૂર દર રવિવારે
૯. ઈન્દોર સાથે મહાકાલેશ્વર, ઓમકારેશ્વર, મહેશ્વર દર શુક્રવાર
૧૦. વારાણસી પ્રયાગરાજ અને અયોધ્યા દર શનિવારે

**IRCTC** દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પેકેજમાં બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ **IRCTC** ની વેબસાઈટ **(www.irctctourism.com)** પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન ટૂર પેકેજ બુક કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ.આર.સી.ટી.સી.ની અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસમાં નીચેના ફોન નંબર પર તમે અમારો **WhatsApp** (૯૬૫૩૬૬૧૭૧૭) દ્વારા સંપર્ક કરી શકો છો અથવા વધુ માહિતી અને બુકિંગ માટે **www.irctctourism.com** પર લોગ ઈન કરો. અથવા ૦૭૯-૨૯૭૨૪૪૩૩/૪૯૧૯૦૦૩૭, ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૯૩૨૧૯૦૧૮૫૨, ૭૦૨૧૦૯૦૬૪૪, ૭૦૨૧૦૯૦૬૧૨, ૭૦૨૧૦૯૦૬૨૬, ૭૦૨૧૦૯૦૫૭૨, ૭૦૨૧૦૯૦૮૩૭, ૭૦૨૧૦૯૦૪૯૮ પર સંપર્ક કરો. અમને ઈમેઈલ કરો: **roadi@irctc.com.**

# એસ.એસ. રાજામૌલી અને ડિઝની+ હોટસ્ટાર બાહુબલીની અકથિત વાર્તા નવા અધ્યાય બાહુબલી: ક્રાઉન ઓફ બ્લડમાં લાવી રહ્યાં છે, ખાસ મે ૧૭, ૨૦૨૪ના રોજ

। મુંબઈ, તા.૨ ।

ભારતમાં સૌથી વહાલી ફેન્ટસી ફેન્ટાઈઝીમાંથી એક બાહુબલી ફક્ત વાર્તા નથી, પરંતુ બ્રહ્માંડ છે. બાહુબલીની દુનિયામાંઘણી બધી નહીં સાંભળેલી, નહીં જોયેલી અને સાક્ષી નહીં બનેલી ઘટનાઓ છે. ડિઝની હોટસ્ટાર દ્વારા ફિલ્મ ફ્રેન્ચાઈઝ હોટસ્ટાર સ્પેશિયલ્સ' 'બાહુબલી: ક્રાઉન ઓફ બ્લડ',ની પ્રીક્વેલ જાહેર કરવામાં આવી છે, જે વાર્તામાં બાહુબલી અને ભલ્લાલદેવ મહિષ્મતીના મહાન શાસન અને સિંહાસનનું રક્તદેવ




તરીકે ઓળખાતા રહસ્યમય લડાકુના મોટા ખતરા સામે રક્ષણ કરવા એકત્ર આવે છે. ગ્રાફિક ઈન્ડિયા અને આર્કા મિડિયા પ્રોડક્શન બાહુબલી: ક્રાઉન ઓફ બ્લડ દીઘર્દ્રષ્ટા એસ. એસ. રાજામૌલી, શરદ દેવરાજન અને શોબુ યરલાગડ્ડા દ્વારા નિર્માણ કરાયું છે, જ્યારે દિગ્દર્શન અને નિર્માણ જીવન જે. કાંગ અને નવીન જોનનાં છે, જે પુરાણકથા સાહસ, ભાઈચારો, દગાબાજી, સંઘર્ષ અને વીરતાની અકથિત વાર્તા અનુભવવા માટે બાહુબલીની નહીં જાયેલી એનિમેટેડ દુનિયામાં લઈ જાય છે, જે પાવર-પેક્ડ એક્શન સિરીઝ ૧૭ મે, ૨૦૨૪થી આરંભ કરતાં ડિઝની હોટસ્ટાર પર સ્ટ્રીમ થવા માટે સુસજ્જ છે.

ડિઝની સ્ટારના એચએસએમ એન્ટરટેઈનમેન્ટ નેટવર્કના કન્ટેન્ટ, ડિઝની હોટસ્ટાર શ્ક્હ્ના હેડ ગૌરવ બેનરજીએ જણાવ્યું હતું કે, "અમને બાહુબલી: ક્રાઉન ઓફ બ્લડ સાથે આઈકોનિક ફ્રેન્ચાઈઝમાં ઊંડાણથી ડોકિયું કરવાનો ભારે રોમાંચ છે. સમકાલીન વાર્તાકથનમાં એનિમેશનની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઓળખતાં અમે અમારા દર્શકો માટે બાહુબલી અને ધ લીજેન્ડ ઓફ હનુમાન જેવી રોમાંચક વાર્તાઓ લાવવા માટે કટિબદ્ધ છીએ. અમારું લક્ષ્ય પુખ્તો માટે એનિમેશન પ્રકાર સતત સમૃદ્ધ બનાવવાનું અને દર્શકોને રોમાંચિત કરવાનું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે. આજે તમને એ બાબત સમજાશે. વ્યાવસાયિક મોરચે જવાબદારીમાં વધારો થવાની શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારે કામનું દબાણ અથવા જૂન કોઈ બાકી કામનું ટૅન્શન લાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**સિંહ (મ,ટ) :**
આજે તમે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર કરવા માટે તક મળશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરમાં કોઈક વિધી કરાવશો.

**તુલા (ર,ત) :**
આજે તમારે પોટનાઈ મેદસ્વિતા અને વજન પર નજર ખાસ રાખવાની જરૂર છે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારે કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ ઠાવની જરૂર નથી પણ તમારો આત્મવિશ્વાસ વધુ મજબૂત કરવાની જરૂર છે. જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલીમાંથી બહાર આવી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો. તમારા માતા-પિતાને હળવાશથી લેતા નહીં.

**મકર (ખ,જ) :**
આજે તમે આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી પણ ક્યારેક સમસ્યાઓ સર્જી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસ માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે.

# શું ગેંગસ્ટર ગોલ્ડી બ્રારની અમેરિકામાં હત્યા થઈ હતી?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

પંજાબી સિંગર સિદ્ધુ મૂઝવાલાની હત્યાના માસ્ટરમાઈન્ડ ગોલ્ડી બ્રારની હત્યાનો દાવો કરવામાં આવી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગોલ્ડી બ્રારની અમેરિકામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. પરંતુ હવે આ મામલે પોલીસનું નિવેદન સામે આવ્યું છે.અમેરિકન પોલીસે ગોલ્ડી બ્રારની હત્યાના દાવા સાથે જોડાયેલા રિપોર્ટને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો છે. પોલીસનું કહેવું છે કે અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે અમેરિકાના કેલિફોર્નિયામાં જે વ્યક્તિની હત્યા કરવામાં આવી છે તે ગોલ્ડી બ્રાર નથી. બ્રારની હત્યાની અફવા કેવી રીતે ફેલાઈ તે અમને ખબર નથી. ઈન્ટરનેશનલ ન્યૂઝ વેબસાઈટ્સે અમારા તરફથી કોઈ પુષ્ટિ કર્યા વિના ગોલ્ડી બ્રારની હત્યાના સમાચાર પ્રકાશિત કરવાનું શરૂ કર્યું.



ગોલ્ડી બ્રાર હાલમાં અમેરિકામાં આશ્રય લઈ રહ્યો છે અને ત્યાથી પંજાબ, દિલ્હી, હરિયાણા અને કેનેડામાં સતત ગુનાહિત પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. ગોલ્ડી બ્રાર- લોરેન્સ બિશ્નોઈ ગેંગના લોકોની દુશ્મનીના કારણે હવે તે ભારતમાં જ નહીં પ રંતુ કેનેડા, ફિલિપાઈન્સ અને રશિયામાં પણ ગેંગ વોર દ્વારા લોહી વહાવી રહ્યો છે.ગેંગસ્ટર ગોલ્ડી બ્રારનું સાચું નામ સતીન્દર સિંહ ઉર્ફે સતીન્દર સિંહજીત સિંહ છે.

ગોલ્ડી પાકિસ્તાનની મદદથી ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ કરે છે. તે અનેક હત્યાઓ અને હથિયારોની દાણચોરીમાં સામેલ હતો. તેને હત્યા માટે શાર્પશૂટર પણ મળી રહ્યા છે. ગોલ્ડીને અગાઉ ગુનેગાર ગણવામાં આવતો હતો પરંતુ આ વર્ષે કેન્દ્ર સરકારે તેને આતંકવાદી જાહેર કર્યો હતો. કેનેડામાં રહીને ભારતમાં ગુનાહિત પ્રવૃતિઓ આચરનાર ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર સામે કેન્દ્ર સરકારે મોટી કાર્યવાહી કરી હતી.

તેને ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ હેઠળ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. ગોલ્ડી, જે કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો જમણો હાથ હોવાનું કહેવાય છે, તેને પંજાબી ગાયક સિદ્ધુ મૂઝવાલા હત્યા કેસનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. તેની સૂચના પર જ બિશ્નોઈ ગેંગના સંચાલકોએ ગાયકની હત્યા કરી હતી.તે વર્ષ ૨૦૨૧માં ભારતથી કેનેડા ભાગી ગયો હતો. ત્યારથી તે ક્યારેક કેનેડામાં તો ક્યારેક અમેરિકામાં રહીને ગુનાહિત અને આતંકવાદી પ્રવૃતિઓ કરી રહ્યો હતો. ત્યાથી મોડ્યુલ દ્વારા તે પંજાબ સહિત અનેક રાજ્યોમાં ગુનાઓને અંજામ આપે છે. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં તેને આતંકી સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે જોડાયેલો ગણાવ્યો છે.

## ગટરમાં જીવ ગુમાવનારા પિતા-પુત્રના પરિવારને ૩૦-૩૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત

। (એજન્સી) લખનઉ, તા.૨ ।

લખનઉના વજીરગંજમાં બુધવારે ગટર સાફ કરતી વખતે પિતા-પુત્રનું મોત થયું હતું. આ મામલે સમાજ કલ્યાણ મંત્રી અસીમ અરુણ પરિવારના સભ્યોને મળ્યા અને ઘટનાસ્થળની મુલાકાત પણ લીધી. વજીરગંજ પોલીસ સ્ટેશનમાં કેકે સ્પાન કંપની વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.બંને પિતા-પુત્રના મૃત્યુ પર મૃતકોના પરિવારને ૩૦-૩૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરવામાં આવી છે. કેકે સ્પાન વળતરની રકમ ચૂકવશે. આવી ઘટના ફરીથી ન બને તે માટે તમામ શહેરી સંસ્થાઓને સુરક્ષાના પગલાં પત્ર અને ભાવનાથી અમલમાં મૂકવા સૂચના આપવામાં આવી છે. આ કેસમાં બે એન્જિનિયરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.જલ નિગમ અર્બન મેનેજિંગ ડિરેક્ટર રાકેશ મિશ્રાએ આસિસ્ટન્ટ એન્જિનિયર મુનિસ અલી અને જુનિયર એન્જિનિયર ગુડલક વર્માને સસ્પેન્ડ કરી દીધા છે. પ્રાપ્ત માહિતી અનુસાર રેસીડેન્સીના ગેટ પાસે બંને સફાઈ કામદારો ગટર સાફ કરવા ઉતર્યા હતા અને એક કલાકથી વધુ સમય વીતી જવા છતાં કોઈ હલચલ ન થતાં મહાનગરપાલિકા અને પાણી વિભાગ તેમજ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. આપેલું. આ પછી ફાયર વિભાગ બચાવ માટે પહોંચી ગયું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે જ્યારે ફાયર કમીઓ ઓક્સિજન માસ્ક પહેરીને ગટરમાં પ્રવેશ્યા ત્યારે તેમણે જોયું કે બંને સફાઈ કર્મચારીઓ બેભાન અવસ્થામાં પડેલા હતા. એક પછી એક બંનેને ચેમ્બરમાથી બહાર કાઢવામાં આવ્યા. ગટર લાઈનમાં કેમિકલયુક્ત ગેસ ભરાઈ જતાં બંને સફાઈ કામદારોની હાલત ગંભીર બની ગઈ હતી.

### સ્વયંસેવકો સ્થળ પર પહોંચ્યા અને દંપતીનો પીછો કર્યો

## કપલે હર કી પડી પર રીલ બનાવવા માટે અશ્લીલતાનો આશરો લીધો

### રીલ બનાવવાનો શોખ વાસ્તવિક જીવનને ઢાંકી રહ્યો છે, યુવાનો લાઈક્સ અને કોમેન્ટ માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

રીલ બનાવવાનો શોખ વાસ્તવિક જીવનને ઢાંકી રહ્યો છે. યુવાનો લાઈક્સ અને કોમેન્ટ માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. આવો જ એક કિસ્સો હરિદ્વારથી સામે આવ્યો છે, જ્યાં એક કપલે હર કી પડી પર રીલ બનાવવા માટે અશ્લીલતાનો આશરો લીધો હતો. એક યુવક અને યુવતી ભગવા કપડા પહેરીને અશ્લીલ હરકતો કરતા જોવા મળ્યા હતા. તેમને જોવા માટે સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. તીર્થયાત્રી પુજારીઓને આ વાતની જાણ થતાં જ તેઓ સ્થળ પર પહોંચ્યા અને દંપતીનો પીછો કરીને ત્યાથી દૂર ગયા. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.સ્થાનિક લોકોનું કહેવું છે કે ધાર્મિક સ્થળો પર આવા કૃત્ય કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. વાયરલ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે યુવાનો રીલ કરવા માટે બધાની સામે એકબીજાને ગળે લગાવી રહ્યા છે. આ રીલ માલવીય દીપ પર બનાવવામાં આવી હતી, ગંગા સભાએ તેને અભદ્ર અને નિંદનીય ગણાવી હતી.આ ઘટના બાદ ગંગાના તમામ ઘાટો પર બોર્ડ લગાવવામાં આવશે. જેમાં લખવામાં આવશે કે ગંગા ઘાટ પર ફોટોગ્રાફી અને રીલ બનાવવાની મનાઈ છે. આમ છતાં જો કોઈ આવું કરતું જોવા મળશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.આ બાબતે ગંગા સભાના પ્રમુખ નીતિન ગૌતમનું કહેવું છે કે આ ઘટના તેમના ધ્યાન પર પણ આવી છે.

### આ બંદર ભારત માટે મહત્વપૂર્ણ


## શ્રીલંકામાં પોર્ટ ડેવલપમેન્ટ પર ભારત ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે

### ૧૬ એકરમાં ફેલાયેલું શ્રીલંકાનું આ બંદર પુડુચેરીથી માત્ર ૧૦૪ કિલોમીટરના અંતરે આવેલું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત શ્રીલંકામાં સ્થિત પોર્ટના વિકાસ માટે ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચવા જઈ રહ્યું છે. શ્રીલંકાની કેબિનેટે આ સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. કંકેસન્થુરાઈ બંદર શ્રીલંકાના ઉત્તરીય પ્રાંતમાં આવેલું છે.હાલના સમયમાં આ બંદરને સમારકામની જરૂર છે. ભારતે તેના પુનઃવિકાસ સંબંધિત તમામ ખર્ચી ઉઠાવવાની તૈયારી દર્શાવી હતી. શ્રીલંકાના કેબિનેટમાં આ અંગે ચર્ચા થઈ હતી. આ દરમિયાન શ્રીલંકાની સંસદે આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી.શ્રીલંકાની કેબિનેટ તરફથી જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટના મહત્વને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પ્રોજેક્ટની સમગ્ર અંદાજિત કિંમત ઉઠાવવા માટે સંમત થઈ છે.

આ વર્ષે માર્ચમાં કરાયેલા એસેસમેન્ટ મુજબ આ પ્રોજેક્ટ પાછળ કુલ રૂ. ૫૧૩ કરોડનો ખર્ચ થવાનો છે.તમને જણાવી દઈએ કે ખર્ચ સંબંધિત કેટલીક અસંગતતાને કારણે આ પ્રોજેક્ટ શરૂ થવામાં વિલંબ થયો હતો. કેબિનેટે ૨ મે, ૨૦૧૭ના રોજ આ પ્રોજેક્ટને ઔપચારિક રીતે મંજૂરી આપી હતી. ત્યારબાદ,



પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સેવાઓની ઓફરને ૧૮ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવી હતી.તમને જણાવી દઈએ કે કંકેસથુરાઈ બંદર એક સમયે શ્રીલંકાનું વ્યસ્ત બંદર હતું. આ બંદર દ્વારા, જાફના દ્વીપકલ્પ શ્રીલંકાના અન્ય ભાગો સાથે જોડાયેલું હતું. પરંતુ શ્રીલંકામાં ગૃહયુદ્ધ દરમિયાન એલટીટીઈના આતંકવાદીઓએ આ બંદર પર હુમલો કરીને તેને નષ્ટ કરી નાખ્યું હતું. આ પછી, આ બંદર પરથી કોમર્શિયલ કામગીરી ઠપ થઈ ગઈ.

## માતાના મૃત્યુ બાદ પિતાએ ૧૧ વર્ષની પુત્રી પર બળાત્કાર ગુજાર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હીમાં એક પિતાએ તેની ૧૧ વર્ષની પુત્રી પર બળાત્કાર કર્યો હતો. આ કેસમાં કોર્ટે દોષિત પિતાને આજીવન કેદની સજા ફટકારી છે. આ સિવાય પીડિતને રાહત અને પુનર્વસન માટે ૧૨ લાખ રૂપિયાનું વળતર પણ આપવામાં આવ્યું છે.સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, વિશેષ ન્યાયાધીશ અનુ અગ્રવાલે પિતાને સજા સંભળાવી, જેમને POCSO એક્ટની કલમ ૬ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ૨૭ એપ્રિલે આપેલા આદેશમાં કોર્ટે કહ્યું કે આજીવન કેદનો અર્થ 'દોષિતનું બાકીનું કુદરતી જીવન' છે. કોર્ટની કાર્યવાહી દરમિયાન, અધિક સરકારી વકીલ અરુણ કે.વી. એ આરોપીઓને મહત્તમ સજાની માંગ કરી હતી. ન્યાયાધીશે કહ્યું કે ૧૧ વર્ષની પીડિતાની માતાના મૃત્યુ પછી તરત જ દોષિતે તેની પુત્રીનું યૌન શોષણ કર્યું. તેમણે કહ્યું, ''પાપા કી લાડલી' વારંવાર સાંભળવામાં આવેલ વાક્ય પિતા અને પુત્રી વચ્ચેના સ્નેહભર્યા સંબંધોને દર્શાવે છે.

## ટીમ પસંદ કરવી એક પડકાર હતો: અજીત અગરકર

### કે.એલ.રાહુલના સવાલ પર અજીત અગરકરે કહ્યું, કે આ માત્ર ટીમને સંતુલિત કરવા માટે લેવાયેલું પગલું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય ટીમે ટી-૨૦ વર્લ્ડ કપ માટે તૈયારી કરી લીધી છે. ૩૦ એપ્રિલે BCCIએ T20 વર્લ્ડ કપ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. જેના માટે અનેક દિગ્ગજો પોતાના મંતવ્યો આપતા જોવા મળ્યા હતા. હવે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે તમામ સવાલોના જવાબ આપ્યા છે. કે.એલ.રાહુલના સવાલ પર અજીત અગરકરે કહ્યું, "કેએલ રાહુલ એક શાનદાર ખેલાડી છે. અન્ય વિકેટકીપર મિડલ ઓર્ડરમાં રમી રહ્યા છે અને રાહુલ ટોપ ઓર્ડરમાં છે. આ માત્ર ટીમને સંતુલિત કરવા માટે લેવાયેલું પગલું છે." મિડલ ઓર્ડરમાં વિકેટકીપર તરીકે સંજુ સેમસન અને ઋષભ પ ંત શ્રેષ્ઠ વિકલ્પ છે. કેપ્ટનશીપ અંગે રોહિત શર્માએ કહ્યું કે, ''ભારતની કેપ્ટનશીપ કરવી એ સારો અનુભવ છે. હું મારી કારકિર્દીમાં ઘણા ખેલાડીઓની




કેપ્ટનશીપ હેઠળ રમ્યો છું. આ કંઈક નવું છે. એક ખેલાડી તરીકે તમારે તમારી ટીમ માટે રમવાનું હોય છે.'' આ સિવાય પસંદગીકાર અજીત અગરકરે કેપ્ટનના સતત બદલાવ પર જવાબ આપ્યો. તેમણે કહ્યું, 'રોહિત અમારો શ્રેષ્ઠ કેપ્ટન છે. વનડે વર્લ્ડ કપ પછી છ મહિનાનો સમય મળ્યો છે. હાર્દિકે પણ વચ્ચે સારું પ્રદર્શન કર્યું છે. રોહિત એક શાનદાર કેપ્ટન છે અને તેણે ODI વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ટીમ પસંદ કરવા પર અજીત અગરકરે કહ્યું, "તે હંમેશા પડકારજનક હોય છે, પરંતુ મેં રોહિત સાથે પહેલાથી જ વાત કરી હતી. અમે પહેલાથી જ સ્પષ્ટ હતા કે અમારે શું કરવાનું છે. IPLમાં પ્રદર્શને આમાં ઘણી મદદ કરી." રોહિત શર્માએ IPLમાં પ્રદર્શનની અસર પર કહ્યું, 'હાલના સમયમાં જે પણ ICC ટૂર્નામેન્ટ થઈ છે તે IPL પછી જ થઈ છે. ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ આઈપીએલ બાદ થઈ હતી. આ કારણોસર અમે અગાઉથી તૈયારીઓ કરીએ છીએ. અમે પહેલાથી જ અમારા મગજમાં ૧૧ રમી રહ્યા છીએ. અમે પરફેક્ટ રોલ માટે પરફેક્ટ પ્લેયર પસંદ કરીએ છીએ. ઘણા ખેલાડીઓ લાંબા સમયથી આ ફોર્મેટમાં રમ્યા નથી, પરંતુ તેઓ ઘણા અનુભવી છે. ૧૫ સભ્યોની ટીમ પર IPLની બહુ અસર નથી. IPLમાં પ્રદર્શન સતત બદલાતું રહે છે. ક્યારેક કોઈ સદી ફટકારે છે તો ક્યારેક કોઈ ૫ વિકેટ લે છે. અમે પહેલાથી જ ૭૦ ટકા ટીમ પસંદ કરી લીધી હતી.

રિંકુ સિંહને બહાર રાખવાના સવાલ પર ચીફ સિલેક્ટર અજિત અગરકરે કહ્યું, ''રિંકુ સિંહને બહાર રાખવો સૌથી મુશ્કેલ બાબત હતી. શુભમન ગિલ સાથે પણ એવું જ હતું. અમે પહેલા ટીમ કોમ્બિનેશન પર ધ્યાન આપ્યું અને પછી આકરા નિર્ણયો લીધા. "તેમણે વિરાટ કોહલીના સ્ટ્રાઈક રેટ પર પણ પોતાનું મૌન તોડ્યું. અગરકરે કહ્યું, "કોહલીના સ્ટ્રાઈક રેટ પર કોઈ સવાલ નથી. તે આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે.

### બે ઘાયલ, એકની અટકાયત કરવામાં આવી

## માલદીવમાં ભારતીય નાગરિકો સાથે સ્થાનિક નાગરિકોની અથડામણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત અને માલદીવને લગતા વિવાદો અટકી રહ્યા નથી. ભારત અને માલદીવની સરકારો વચ્ચે ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે માલદીવમાં ભારતીય નાગરિકો અને સ્થાનિક લોકો વચ્ચે ઘર્ષણનો મામલો સામે આવ્યો છે. આ લડાઈમાં બે લોકો ઘાયલ થયા છે. દરમિયાન, ઘટના બાદ એક વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.સ્થાનિક મીડિયા અનુસાર, આ ઘટના માલદીવની રાજધાની માલેથી લગભગ ૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં આવેલા શહેર હુલહુમાલેના સેન્ટ્રલ પાર્ક નજીક રાત્રે ૯ વાગ્યે બની હતી. પોલીસે જે વ્યક્તિની અટકાયત કરી છે તે માલદીવનો સ્થાનિક નાગરિક છે. જોકે, પોલીસે હજુ સુધી ઘાયલ વ્યક્તિની નાગરિકતા વિશે માહિતી આપી નથી.જણાવવામાં આવી રહ્યું છે કે લડાઈ બાદ ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, લડાઈ પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. જોકે પોલીસ તપાસમાં વ્યસ્ત છે. તાજેતરમાં, માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુના ચીન તરફી વલણને દેશના લોકોનું ભારે સમર્થન મળ્યું હતું, જેનો પુરાવો સંસદીય ચૂંટણીમાં તેમની પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાટીની જંગી જીત પછી જોવા મળ્યો હતો. માલદીવમાં સંસદીય ચૂંટણીમાં પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાટીને જંગી બહુમતી મળી છે.પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાટીએ માલદીવની સંસદ મજલિસમાં ૯૩માથી ૯૦ બેઠકો પર ચૂંટણી લડી હતી. મુઈઝુની પાટીએ ૮૬માથી ૬૬ બેઠકો જીતી હતી. આ સંખ્યા ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી કરતાં વધુ હતી. ભારત વિરોધી ગણાતા રાષ્ટ્રપતિ મુઈઝુ માટે મજલિસમાં મળેલી ભવ્ય જીત ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે હવે તેમની સરકારને સંસદમાં કોઈ કાયદો પસાર કરવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.માલદીવમાં સંસદીય ચૂંટણીમાં મુઈઝુની પાટી જીતવી એ ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે ચૂંટણી પહેલા ભારત તરફી ગણાતી માલદીવિયન ડેમોક્રેટિક પાટીની સંસદમાં બહુમતી હતી, પરંતુ ચૂંટણી પ રિણામોએ ટેબલો ફેરવી નાખ્યા છે.

### ઓટોમોબાઇલ્સ, વિંડ એનર્જી, હોટેલ્સ, ટેકસટાઇલ, શોપિંગ મોલ્સ સહિતના ક્ષેત્રોની અગ્રણી કંપનીઓ સાથે સમજૂતી કરાર

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તથા વિવિધ કંપનીઓના પ્રતિનિધિ વચ્ચે મતદાન જાગૃતિ વિષયક MoU થયા

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ જિલ્લાના વિવિધ ઉદ્યોગ ગૃહોમા કામ કરતા કર્મચારીઓ અને શ્રમિકો ચૂંટણીમાં પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરી શકે તે માટે આજે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવિણા ડી. કે. તથા વિવિધ કંપનીઓના પ્રતિનિધિ વચ્ચે મતદાન જાગૃતિ વિષયક MoU થયા. જેમાં અરવિંદ મિલ્સ, ઝેડેક્સ કલોથિંગ, નેસ્લે, ઝાયડસ લાઈફ સાયન્સીસ, સુઝુકી લિ., માલ્કોન સહિતની કંપનીઓ સહભાગી બની છે.

અમદાવાદ જિલ્લાના શ્રમ વિભાગના તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ દ્વારા ઔદ્યોગિક એસોસિયેશન સાથે બેઠક કરી. તેઓની સભ્ય સંસ્થાઓના જવાબદાર પ્રતિનિધિઓને હાજરીમાં મતદાન જાગૃતિ કરવા બાબતે સ્થાનિક કક્ષાએ પણ MoU સાઈન કરાવવામાં આવ્યા છે. મતદાનના દિવસે શ્રમયોગીઓને સવેતન રજા આપવા બાબતે પણ સંસ્થાઓ પાસેથી બાંહેધરી પત્રક લેવામાં આવ્યા છે.

જિલ્લામાં આવેલ કારખાનાઓ અને સંસ્થાઓ દ્વારા કામદારોને આપવામાં આવતી પગારચિઠ્ઠીમાં 'મારો મત, મારો અધિકાર, મતદાન મારી જવાબદારી' સૂત્ર ઉમેરવામાં આવે તેવું સુનિશ્ચિત કરાયું છે.

અમદાવાદ જિલ્લાના શ્રમ વિભાગ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મતદાર જાગૃતિ માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વિવિધ ઔદ્યોગિક વિસ્તારો, શહેરી વિસ્તારો, તાલુકાઓ વગેરેમાં આવેલી સંસ્થાઓ, કારખાનાઓ તથા ઔદ્યોગિક વસાહતોની રૂબરૂ મુલાકાત કરી મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સંસ્થાઓ કે કારખાનાઓમાં કાર્યરત શ્રમયોગીઓનો રૂબરૂ સંપર્ક કરી લોકશાહીમાં ચૂંટણીનું કેટલું અને શું મહત્ત્વ છે તેની સમજ આપવામાં આવી રહી છે. દરેક કામદારને



તેમના મતનું મહત્ત્વ સમજાવી અચૂક મતદાન કરવા બાબતે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં આવેલી તમામ સંસ્થા કારખાનાઓમાં કામ કરતા અમદાવાદ જિલ્લાના વતની દરેક શ્રમયોગી પોતાના નિયત મતવિસ્તારના રાજ્ય/જિલ્લામાં મતદાન માટે કોઈપણ અડચણ વગર જઈ શકે તે માટેની જરૂરી વ્યવસ્થા કરવા તમામ મદદનીશ શ્રમ આયુકતશ્રી, સરકારી શ્રમ અધિકારીશ્રીઓને રૂબરૂ તથા ઈ-મેઈલ મારફતે અપીલ કરી હતી. જેના અનુસંધાને મતદાન કરવા બાબતે શ્રમિકોને જો કોઈ અડચણ ઊભી થાય તો તે અન્વયેની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ કરી શકાય તે માટે સ્પેશ્યલ કંટ્રોલ રૂમ (૦૭૯-૨૫૫૦૨૮૪૨) શરૂ કરી સરકારી શ્રમ અધિકારીશ્રીઓ દ્વારા આ ફરિયાદોનું તાત્કાલિક નિવારણ લાવી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જિલ્લાની તમામ અગ્રણી સંસ્થાઓ, કારખાનાઓ જેવાં કે AIA એન્જિનિયરિંગ, સુઝુકી મોટર્સ, હોન્ડા, M INDA KYORAKU LIMITED, TOYOSTU BHARAT INTIGRETED SERVICES PVT. LTD., HONDA, MILACRON INDIA LIMITED, INOX WIND, LUBI INDUSTRIES LLP વગેરે તથા અગ્રણી હોસ્પિટલો જેવા કે GCRI, SVP HOSPITAL, GCS HOSPITAL, KAKADIYA HOSPITAL વગેરે અને અગ્રણી હોટેલ સંસ્થાઓ જેવા કે HOTEL LEMON TREE, HOTEL CAMA વગેરે અગ્રણી મોલ જેવા સ્થળોએ શ્રમયોગીઓને મતદાનના દિવસે સવેતન રજા આપવા માલિકો / મેનેજરોને રૂબરૂ મુલાકાત, ઈ-મેઈલ, સોશિયલ મીડિયાના માધ્યમથી અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં અમદાવાદ યુનિવર્સિટી જેવી જિલ્લાની અગ્રણી શૈક્ષણીક વગેરેમાં વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી છે. અમદાવાદ શહેરના અગ્રણી મોલ જેવા કે આલ્ફા વન મોલ, નેશનલ હેન્ડલુમ, રિલાયન્સ મોલ, ડી-માર્ટ, ઓશિયા મોલ વગેરે દ્વારા ગ્રાહકોને આપવામાં આવતા બીલ/વાઉચરના માધ્યમથી મતદાન માટે જાગૃતતા વધારે કરે તે માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીની સૂચના મુજબ મતદાન દિવસ બાબતની જરૂરી માહિતી/સૂચનાઓ પહોંચાડી શકાય તથા તેમને ચૂંટણીને લગતી સૂચનાઓ, પરિપત્રો, હુકમો વગેરેથી માહિતગાર કરી શકાય, તે માટે ૧૦૦ કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતી સંસ્થાઓના પ્રતિનિધિનું વોટ્સઅપ ગ્રૂપ બનાવવામાં આવ્યું છે. જેની મદદથી સકારાત્મક સંદેશાઓને ત્વરિત પ્રસારિત કરી શકાય.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરાની શ્રેયસ સ્કૂલમાં વાલીઓએ હોબાળા કર્યો

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરના બગીખાના વિસ્તારમાં આવેલી શ્રેયસ સ્કૂલમાં RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ઈઈ હેઠળ પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ પાસે એક્ટિવિટી ફી માંગવામાં આવે છે અને ફી નહીં આપનારા વિદ્યાર્થીઓના પરિણામ સ્કૂલે રોકી રાખ્યા છે. ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા વાલીઓને સાથે રાખીને સ્કૂલની બહાર દેખાવો કરવામાં આવ્યા હતા. વાલીઓએ કહ્યુ હતુ કે, ઈઈ હેઠળ ભણતા વિદ્યાર્થીઓ પાસે અન્ય કોઈ પ્રકારની ફી લઈ ના શકાય. આમ છતા સ્કૂલ વર્ષે ૬૦૦૦ રૂપિયા એક્ટિવિટી ફી માટે અને સ્માર્ટ ક્લાસની ફી ભરવા માટે દબાણ કરે છે. આટલી ફી ભરવાની અમારી ત્રેવડ જ નથી. તો બીજી તરફ સ્કૂલમાં પાણીની પણ યોગ્ય સુવિધા નથી. બોયઝ અને ગર્લ્સના વોશરૂમ્સ સુધ્ધા અલગ નથી. શિક્ષકો વિદ્યાર્થીઓને ટોર્ચર કરે છે તે તો અલગ.જ્યારે શાળાના આચાર્ય પ્રીતિબેને કહ્યું હતુ કે, વાલીઓની બેઠક બોલાવીને તેમની સમક્ષ પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો અને એક્ટિવિટી ફી માટે તેમણે સંમતિ આપી હતી.

### મતદાન કરનાર ડેરી ખેડૂતને એક લિટર દૂધ પર એક રૂપિયો મળશે


। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાતમાં લાખો ડેરી ખેડૂતોને લોકસભાની ચૂંટણી દરમિયાન મતદાન કરવા બદલ એક લિટર દૂધ પર એક રૂપિયો મળશે. જોકે આ માટે તેમને તેમની આંગળી પર શાહીનું નિશાન દર્શાવવું પડશે. ગુજરાત કો-ઓપેટિવ માર્કેટિંગ ફેડરેશન ગુજરાતના તમામ દૂધ સંઘોની સર્વોચ્ચ સંસ્થા અને તેના ૧૮ સંઘો, તેના રજીસ્ટર્ડ સભ્યો તરીકે ૩૬ લાખ ડેરી ખેડૂતો ધરાવે છે. રાજ્યભરમાં ફેલાયેલી ૧૮,૫૬૫ ગામડાની ડેરી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ડેરી ખેડૂતો છે જેમાં મોટા ભાગની મહિલાઓ છે. જે દરરોજ અંદાજે ૩ કરોડ લિટર દૂધ ઠાલવે છે.

### મહિલાની બે તોલા સોનાની ચેન તોડી બે બાઈક સવાર ફરાર

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરાના વાઘોડિયા રોડ કલાદર્શન ચાર રસ્તા તરફ ઈવનિંગ વોકમાં નીકળેલા બી.આઈ.ડી.સીની ખાનગી કંપનીમાં આસી.મેનેજર અને તેની પત્ની સહિત ત્રણ જણા નીકળ્યા હતા. રાત્રે પાછળથી બાઈક પર આવેલા માસ્કધારી બે લૂંટારા પૈકી પાછળ સવાર આરોપીએ મહિલાના ગળામાંથી બે તોલા સોનાની ચેન તોડી લેતા બાઈક ચાલકે યુ-ટર્ન લઈને પૂર ઝડપે બાઈક ભગાવીને બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસની વિગત એવી છે કે ગોરવા બી.આઈ.ડી.સી.ની ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર હરેન્દ્ર પટેલ ફરજ બજાવે છે તેમની પત્ની હેમલબેન અને પિતરાઈ દીયર દક્ષેશ પટેલ સહિત ત્રણે જણા જમી પરવારીને રાત્રે ઈવનિંગ વોકમાં નીકળ્યા હતા.

પાલડી ગુજરાત કોંગ્રેસ પાર્ટી ઓફિસ પર અશોક ગહેલોતની પ્રેસ મીટ યોજાઈ હતી.

### લમ્પી વાયરસના પશુઓમાં લક્ષણ દેખાતા તંત્ર ચિંતામાં

## અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં પાછો દેખાયો લમ્પી વાયરસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ ગ્રામ્યમાં પાછા લમ્પી વાયરસના લક્ષણ જોવા મળ્યા છે. જેમાં પશુમાં લક્ષણ દેખાતા ચિંતા વધી છે. અમદાવાદ ગ્રામ્યમાં લમ્પી વાયરસનો કેસ નોંધાયો છે. વિરમગામના વસવેલીયા ગામે લમ્પીને કેસ નોંધાયો છે. તેમાં ૫ પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણ દેખાતા ચિંતા વધી છે.

પશુપાલકો માટે છેલ્લા કેટલાય સમયથી માથાનો દુખાવો બની ગયેલો રોગ એટલે કે લમ્પી વાયરસ જેણે થોડા સમય પહેલા અનેક પશુધનના જીવ લીધા હતા. આ લમ્પી વાયરસે ફરી એકવાર દેખાદેતાં પશુપાલકો અને પશુ ચિકિત્સકોમાં ખળભળાટ ફેલાયો છે. જાણવા મળી રહ્યું છે કે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં એકવાર ફરી લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર એવા વિરમગામ તાલુકાના કેટલાંક ગામોમાં પશુધનમાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. વિરમગામ તાલુકાના વસવેલીયા ગામમાં પશુઓમાં લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે જેણે લઈને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. ઉલ્લેખનીય છે કે વસવેલીયા ગામમાં ૩ ગાય અને ૨ વાછરડામાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. લાંબા સમય બાદ વિરમગામ પંથકમા પશુઓમા લમ્પી વાયરસના લક્ષણો જોવા મળતા પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. તો, લમ્પીના કેસો સામે આવતા વિરમગામ પશુ આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### પંચમહાલ, દાહોદ, મહીસાગર જિલ્લાના ૪૦ ગામ નેટવર્ક વિહોણા

## ૧૪ મતદાન મથકો પર ચૂંટણી પંચે કરી છે ખાસ તૈયારીઓ

### ૧૪ ગામના મતદાન મથકો ઉપર વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન કરાયું

। (એજન્સી) દાહોદ, તા.૨ ।

દાહોદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર સુસજ્જ છે. મતદાન મથકોને લઈને પણ તૈયારીઓ અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ માટે અંતરિયાળ વિસ્તારમાં કેટલાક પડકારનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાને લઈને પણ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે કેટલાક વિસ્તારોમાં ચૂંટણીને વખતે કેટલાક પડકારોને પણ તંત્રએ ઝીલવાના છે. જેમાંનો એક પડકાર શેડો એરિયાની સમસ્યાનો છે. દાહોદ જિલ્લામાં ક્યાંક જંગલ વિસ્તાર છે તો ક્યાંક ડુંગરાળ વિસ્તાર પણ છે. આવા સ્થળોએ મોબાઈલ ફોનના નેટવર્કનો અભાવ છે. જેથી લોકસભાની ચુંટણી દરમિયાન આવા જંગલ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં મતદાન મથક ઉપરથી મતદાનના આંકડા મેળવવા તેમજ અન્ય કોઈ પણ માહિતી મેળવવી હોય કે સંદેશો પહોંચાડવો હોય તો સમસ્યા સર્જાઈ શકે છે. જેથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવા મતદાન મથકોને અલગ તારવવામાં આવ્યા છે. દાહોદ ચૂંટણી પંચે આવા મતદાન મથકોની અલગ યાદી તૈયાર કરી તેમને 'શેડો એરીયા'માં સ્થાન આપ્યું છે.

અહીં સૌથી મોટા પડકાર પૈકી એક મોબાઈલ નેટવર્કનો સામે આવ્યો છે. જિલ્લાના ૧૪ ગામના મતદાન મથકો ઉપર મોબાઈલ ટાવરનું નેટવર્ક નહીં હોવાને કારણે તેમને વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે. આંકડાકિય માહિતી અને કઈ પણ જરૂર પડે સંપર્ક સાધી શકાય માટે મતદાન મથકો પર ખાસ પોલીસ જવાન વોકીટોકી સજ્જ રાખવા સાથે આ મતદાન મથકોને વાયરલેસ સેટથી જોડવામાં આવનાર છે. આજના સમયમાં મોબાઈલ જીવનનું એક અભિન્ન અંગ બની ગયુ છે.

### ઝાલોદ પોલીસે ટાવેરા ગાડી સાથે ૧૮૬૨૪૦ નો દારૂ ઝડપી પાડયો : ટાવેરા ગાડીનો ચાલક ફરાર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા દારૂબંદીના કડક અમલ માટે તેમજ દારૂની હેરાફેરી કરનાર ઈસમો પર કડક રાહે કાર્યવાહી કરવા સૂચન કરેલ હતું તે અન્વયે ઝાલોદ ડી.વાય.એસ.પી પટેલ તેમજ પી.એસ.આઈ માળી પોલીસ સ્ટાફ સાથે નગરના ચારે બાજુ સતત પેટ્રોલીંગ કરી વોચ રાખી રહેલ હતા ત્યારે ડી.વાય. એસ.પી પટેલને ખાનગી રાહે ડુંગરા (રાજસ્થાન) તરફથી એક ઈસમ દારૂ લઈને આવી રહેલ હોવાની બાતમી મળેલ હતી. પોલીસને બાતમી મળેલ તે મુજબ પી.એસ.આઈ માળી થેરકા ગામે કીયાર ફળીયામા રોડની સાઈડમાં છુપાઈને બાતમી વાળા વાહનની વોચમા હતા ત્યારે બાતમી વાળી ટાવેરા ગાડી GJ-01-HN-5729 આવતા પોલીસ દ્વારા ઈસારો કરી રોકવાનો પ્રયાસ કરાતાં ટાવેરા ગાડીના ચાલક દ્વારા ગાડી વળાવી થોડે દૂર ઉભી રાખી ગાડી માથી ઉતરીને ઝાડી ઝાંખરાનો લાભ લઈ નાસી છુટેલ હતો. પોલીસ દ્વારા ગાડીની તલાસી લેતા તેમાં વિદેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં મળી આવેલ હતો. પોલીસ દ્વારા મુદ્દામાલની ગણતરી કરાતા ટાવેરા ગાડી માથી ૫૩ દારૂની પેટીઓ મળી આવી હતી આ દારૂની પેટીઓ માથી કુલ ૧૮૭૨ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

### સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદી બોલ્યા

## આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો

### સૌરાષ્ટ્રના પ્રેમને યાદ કરતાં મોદીએ કહ્યું કે મને પ્રથમવાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે જ બનાવ્યો, ગુજરાતને મારૂ પાકુ ઘડતર કર્યુ છે

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।



ગુજરાતમાં લોકસભા ચૂંટણી પહેલા ભાજપ પુરજોશમાં પ્રચાર કરવા મેદાનમાં ઉતર્યું છે. અત્યારે પીએમ મોદી બે દિવસની ગુજરાતના પ્રવાસે છે. વડાપ્રધાન મોદી ગુરૂવારે આણંદ અને સુરેન્દ્રનગરમાં કોંગ્રેસ પર વરસ્યા હતા. સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો. સુરેન્દ્રનગરમાં જન સભા સંબોધીને કોંગ્રેસને આડે હાથે લેતા તેમણે કહ્યુ કે, કોંગ્રેસ લખીને બાંહેધરી આપે કે બાબાસાહેબ આંબેડકરે જે અનામત આપેલું છે એને ધર્મના આધાર પર દલિતો, આદિવાસીઓ, બક્ષીપંચ પાસેથી લૂંટીને મુસલમાનોને અનામત નહીં આપે.

સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે, ઓવારણા લીધા તે માટે માતા-બહેનોનો આભાર માનું છે. ગુજરાત આખુ પ્રેમ વરસાવી રહ્યું છે. ગુજરાતનું ઋણ ક્યારેય ના ભુલી શકું. પીએમ મોદીએ સૌરાષ્ટ્રના પ્રેમને યાદ કરતાં કહ્યું કે મને પ્રથમવાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે જ બનાવ્યો, ગુજરાતને મારૂ પાકુ ઘડતર કર્યુ છે. આપણે નાનુ વિચારતા નથી અને નાનુ કરતા પણ નથી. વિશ્વના સૌથી મોટું સ્ટેડિયમ અને સ્ટેચ્યૂ બનાવ્યું, ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાત બનાવવાનું છે. પીએમ મોદીએ લોકોનો હોંસલો વધારતાં જણાવ્યું કે, આ વખતે તમારે બધાએ મતદાનના તમામ રેકોર્ડ તોડી નાંખવાના છે. ૧૦ વાગ્યા પહેલા દરેક બૂથ પર જઈને ૨૫-૨૫ થાળી વગાડવી અને મતદાન કરવું. બધા પૉલિંગ બૂથ આપણે જીતવાના છે. અગાઉની સરકારોમાં માત્ર કૌભાંડ જ થયા છે. ૧૦ વર્ષ પહેલા છાપામાં માત્ર કૌભાંડના જ સમાચાર આવતા હતા. ગરીબોને કોંગ્રેસની સરકાર પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો, અમારી સરકારે ગરીબો માટે અનેક કામો કર્યા છે. અમારી સરકારે હંમેશા ગરીબોની ચિંતા કરી છે. સભામાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસે તેના શાસનમાં માત્ર કૌભાંડ જ કર્યા છે. આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. દુનિયાના દરેક દેશમાં ભારતનો ડંકો વાગે છે. મોદીના કારણે નહીં તમારા મતના કારણે વિશ્વમાં દેશનો ડંકો વાગી રહ્યો છે. ભારતમાં આવવા વિશ્વની કંપનીઓ વચ્ચે સ્પાર્ધા જામી છે. આજે આતંકવાદને ભારત તેમના ઘરમાં ઘૂસીને મારે છે. વિશ્વમાં ભારત પાંચમાં નંબરની અર્થવ્યવસ્થા બની છે. સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ ચૂંટણી સભાને સંબોધતા જણાવ્યું કે, આજે દેશ પ્રગતિ કરી રહ્યો છે ભારતે કોરોનાનો મજબૂતીથી સામનો કર્યો છે. કોંગ્રેસે પર આકરા પ્રહાર કરતાં પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસે હંમેશા માટે વૉટ બેંકના કારણે રામ મંદિર બનવા ના દીધું. હવે ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં રામ મંદિર બન્યું. અમારી સરકારે જે કીધું તે કરી બતાવ્યુ છે. કોંગ્રેસે પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ સ્વીકાર્યું નહીં. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ રામભક્તો અને શિવભક્તોમાં ભેદ ઉભો કરે છે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના નિવેદન પર પીએમનો પલટવાર જોવા મળ્યો. તેમને કહ્યું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે બદઈરાદે નિવેદન આપ્યુ, કોંગ્રેસ રામ ભક્તો અને શિવ ભક્તોમાં ભેદ ઉભો કરે છે. મલ્લિકાર્જૂન ખડગેના નિવેદન પર પીએમ મોદીએ પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ હવે હિન્દુઓની આસ્થામાં પણ ભેદભાવ ઉભો કરે છે. કોંગ્રેસ ધર્મના આધારે રાજનીતિ કરી રહ્યું છે. ''કોંગ્રેસ અધ્યક્ષે રામ અને શિવને લઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું'' - કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં કોંગ્રેસનો નહીં પણ મુસ્લિમ લીગનો પંજો છે. પીએમ મોદીએ કોંગ્રેસ સામે આ સભામાં ત્રણ મોટા પડકારો પણ ફેંક્યા, કોંગ્રેસ લેખિતમાં આપે કે દેશના બંધારણમાં તે કોઈ છેડછાડ ના કરે. બંધારણ બદલી ધર્મના આધારે મુસ્લિમોને અનામત નહીં આપે.

### મીડિયાને જોઈને ઘરનો દરવાજો જ ન ખોલ્યો

## ગાયબ થયેલા કુંભાણી સુરતમાં સાક્ષાત પ્રકટ થયા

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરતના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જાહેર થયા બાદથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી ગાયબ થયા હતા. તેમના ટેકેદારોનો પણ કોઈ અત્તોપત્તો ન હતો. ત્યારે આખરે નિલેશ કુંભાણી સાક્ષાત પ્રકટ થયા છે. ગત અઠવાડિયે વીડિયો જાહેર કર્યા બાદ કોંગ્રેસના પૂર્વ ઉમેદવાર નિલેશ કુંભાણી બુધવારે રાતે સુરત પહોચ્યા હતા. નિલેશ કુંભાણી સુરત ખાતે પોતાના નિવાસસ્થાને આવી પહોચ્યાહતા. જેથી નિલેશ કુંભાણીના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો છે. નિલેશ કુંભાણી આવ્યાની જાણ થતા જ મીડિયાની ટીમ તેમના ઘરે પહોંચી હતી, પરંતુ તેઓએ ઘરનો દરવાજો ખોલ્યો ન હતો. સુરતમાં કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી વિવાદ મામલે નિલેશ કુંભાણી ફરી ચર્ચામાં આવ્યા છે. બુધવારે રાતે સુરત આવી ગયેલા નિલેશ કુંભાણી મીડિયા સમક્ષ આવી મોટો ઘટસ્ફોટ કરે તેવી શક્યતા છે. સુરતમાં આવ્યા બાદ કુંભાણી પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા, પરંતુ ગણતરી ના કલાકોમાં આ



પ્રેસ કોન્ફરન્સ કેન્સલ કરાઈ હતી. તબિયત નાંદુરસ્ત હોવાનું બહાનું આપીને પ્રેસ કોન્ફરન્સ રદ કરાઈ હતી. હાલ નિલેશ કુંભાણીના ઘરે ફરી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અગાઉ કોંગ્રેસ દ્વારા કુંભાણીના ઘરે હોબાળો કરાયો હતો. સુરતમાં કોંગ્રેસે મોટાપાયે કુંભાણીનો વિરોધ દર્શાવેય હતો. ત્યારે ફરી કોઈ હોબાળો થાય તે આશંકાના પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. હવે આજે કુંભાણી શું કરે છે તે મોટી ચર્ચા છે. ગુજરાત કોંગ્રેસને હાઈકોર્ટથી મોટો ઝટકો મળ્યો છે. સુરતથી ભાજપ ઉમેદવાર મુકેશ દલાલની બિનહરીફ જીતને પડકારતી PIL નકારવામાં આવી છે. અરજી પર સુનાવણી કરવાનો હાઈકોર્ટ દ્વારા ઈક્કાર કરવામાં આવ્યો છે. સાથે જ આ વિવાદ માટે ઈલેક્શન પિટિશન ફાઈલ કરવા ટકોર કરાઈ છે. અરજીમાં મતદારો મતદાનની વંચિત રખાયાનો મુદ્દો ઉઠાવાયો હતો. મહત્વનું છે કે, સુરતથી કોંગ્રેસના ઉમેદવાર કુંભાણીના ફોર્મમાં ટેકેદારોની સહી મિસમેચ થતા અને ટેકેદારો રહસ્યમય રીતે ગાયબ થતા ફોર્મ રદ થયું હતું. જે બાદ અન્ય ઉમેદવારોએ પણ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જે બાદ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધી છે. સુરત ભાજપાના ઉમેદવાર બિન હરીફ જાહેર થવા અંગેની જાહેરહિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે જાહેર હિતની અરજી સ્વીકારવાનો ઈક્કાર કર્યો છે. સુરતના અરજદાર ભાવેશ પટેલે જાહેરત હિતની અરજીમાં દાવો કર્યો હતો કે સુરતમાં મતદારોને નકારાત્મક મતનો વિકલ્પ અપાયો નથી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨